

卐 જિનવર સેવા કલ્પતરુવર જાણીએ રે, સફળ ફળ્યેથી ભવના છેડા પામીએ. 卐

પ્રભો! આપકે શુભ દર્શનસે, જીવન સફલ હુઆ મેરા;
માનવ જન્મ કૃતાર્થ હુઆ યહ, અક્ષય સુખ સમ્પન્ન હુઆ.

* હે જિનેન્દ્ર! આપના દર્શન થતાં મારા નેત્ર સફળ થઈ ગયા તથા મન અને શરીર તરત જ અમૃત સિંચાઈ ગયા હોય તેમ શાંત થઈ ગયા છે. ૧.

* હે જિનેન્દ્ર! આપના દર્શન થતાં દર્શનમાં બાધા પહોંચાડનાર સમસ્ત મોહરૂપ અંધકાર એવી રીતે નષ્ટ થઈ ગયો છે કે જેથી મેં જેવું છે તેવું તત્ત્વ જોઈ લીધું છે—સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી લીધું છે. ૨.

* હે જિનેન્દ્ર! આપના દર્શન થતાં મારું અંતઃકરણ એવા ઉત્કૃષ્ટ આનંદથી પરિપૂર્ણ થઈ ગયું છે કે જેથી હું મને મુક્તિ પ્રાપ્ત થયેલ જ સમજું છું. ૩.

* હે જિનેન્દ્ર! આપના દર્શન થતાં એવો કોઈ અપૂર્વ પુણ્યનો સમૂહ સિદ્ધ થાય છે કે જેથી પ્રાણી આ લોક અને પરલોક સંબંધી ઈષ્ટ સિદ્ધિઓનો સ્વામી બની જાય છે. ૫.

* હે જિનેન્દ્ર! આપના દર્શન થતાં મને એવો ઉત્કૃષ્ટ સંતોષ ઉત્પન્ન થયો છે કે જેથી મારા હૃદયમાં ઈન્દ્રનો વૈભવ પણ લેશમાત્ર તૃષ્ણા ઉત્પન્ન કરતો નથી. ૭.

* હે જિનેન્દ્ર! આપના દર્શન થતાં અન્ય જન્મના સુખની ઇચ્છા તો દૂર રહો, પરંતુ આ લોકમાં પણ મને અકસ્માત સુખ પ્રાપ્ત થયું છે અને સર્વ દુઃખો દૂર ભાગી ગયા છે. ૧૦.

* હે જિનેન્દ્ર! મનુષ્યનું મન જો મિથ્યાત્વરૂપ મળથી મલિન ન હોય તો આપના દર્શન થતાં અત્યંત દુર્લભ મોક્ષ પણ પ્રાપ્ત થઈ શકે છે. ૧૫.

* હે જિનેન્દ્ર! શુભ ગતિ સાધવામાં અનુપમ બીજભૂત એવા આપના દર્શન થતાં મરણોન્મુખ પ્રાણીને પણ ઉત્કૃષ્ટ ધૈર્ય પ્રાપ્ત થાય છે. ૩૧.

* હે જિનેન્દ્ર! આપના દર્શન થતાં જે જીવ પોતાને અતિશય કૃતાર્થ માનતો નથી તે સંસારરૂપ સમુદ્રમાં અનેકવાર ગોથા ખાશે. ૧૭.

* હે જિનેન્દ્ર! આપના દર્શન થતાં જે કાંઈ પણ થાય છે તે નિશ્ચયદૃષ્ટિએ વચનનો વિષય નથી, તે તો કેવળ સ્વાનુભવનો જ વિષય છે. તેથી તે વિષયમાં ભલા અમે શું કહી શકીએ? ૧૮.

—શ્રી પદ્મનંદિપંચવિંશતિ, જિનવર સ્તવન-અધિકાર

[ફાગણ સુદ બીજ, તા. ૪–૩–૮૪ના રોજ શ્રી સીમંધરસ્વામી દિગંબર જિન-મંદિર (સોનગઢ)ની મંગલ પ્રતિષ્ઠાનો ૪૪ મો વાર્ષિક દિન અત્યંત ભક્તિ-ઉલ્લાસ પૂર્વક ઉજવાયો હતો.]

*   *

કહાન સંવત ૪ વર્ષ ૪૦ અંક ૯ [૪૮૫]

વીર સંવત ૨૫૧૦ A.D. 1984 MARCH




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## કહાન ગુરુ પ્રસાદ

* સમ્યગ્દષ્ટિ ૫-૫, ૧૦-૧૦ કલાક સ્વાધ્યાય કરે તોપણ કંટાળો ન આવે. કંટાળો શેનો? અંદરમાં જાણે છે કે આ પણ વિકલ્પ છે, અંદરમાં ઠરીશ ત્યારે કેવળજ્ઞાન થશે, આ વિચારધારાથી કેવળજ્ઞાન થવાનું નથી. સ્વાધ્યાયના વિકલ્પને અનાકુળ સ્વભાવની અપેક્ષાએ કંટાળો જાણે તે જુદી વાત છે, પરંતુ (વિકલ્પમાં) કંટાળી ન જાય. સ્વાધ્યાયમાં પણ ભગવાન આત્માની વાત છે, તેમાં કંટાળો શેનો?

* જેણે બહારમાં, ક્યાંક રાગમાં, સંયોગમાં, ક્ષેત્રમાં એમ ક્યાંક ને ક્યાંક કોઈ દ્રવ્યમાં, ક્ષેત્રમાં, કાળમાં આ ઠીક છે એમ માનીને ત્યાં વિસામામાં કાળ ગાળ્યો તેણે પોતાના આત્માને ઠગી લીધો છે.

* અહો! મુનિઓ-સંતો જ્યાં મનુષ્ય હોય ત્યાંથી તો ચાલ્યા ગયા પણ તેનો પગરવ પણ ન હોય એવા એકાંત સ્થાનમાં ચાલ્યા ગયા છે. આત્માનું શોધન કરવા ગયા; આ તો આત્માનું શોધન કરવાનો કાળ છે, પણ પરની ને રાગની શોધમાં એની આખી જિંદગી ચાલી જાય છે.

* હે ભાઈ! તારા માથે ભૂતકાળમાં બહુ વીતી ગઈ છે, પણ તેં તારો ઈતિહાસ કદી જોયો નથી. વર્તમાનમાં તો ક્યાં કાંઈ પ્રતિકૂળતા હતી! મફતનો માની બેઠો છે.........

* અરે! ત્રણલોકના નાથનું પણ માહાત્મ્ય નથી, એમનું માહાત્મ્ય એમની પાસે રહ્યું, મારા માટે તો મારું જ માહાત્મ્ય છે, બીજા કોઈનું માહાત્મ્ય નથી......

—o— —પૂજ્ય ગુરુદેવશ્રી [જૂન ૧૯૬૫]

# 卐 પધારો, ભગવાન! પધારો 卐

શ્રી જિનમંદિરના વાર્ષિક પ્રતિષ્ઠાદિને
પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના હૃદયમાંથી પ્રવાહિત
જિનેન્દ્રભક્તિભીના અધ્યાત્મ-ઉદ્દગાર

[ સંકલિત ]

અહો! આજે ભગવાન પધાર્યા. એવા મંગળ મુહૂર્તે શ્રી સીમંધર-ભગવાન પધાર્યા કે એમની પાછળ ક્રમશઃ આખા સૌરાષ્ટ્રમાં જિનેન્દ્રવૃંદ ઊતરી પડ્યા; ગામે ગામ ભગવાન પધાર્યા. અહો! જગતમાં સર્વોત્કૃષ્ટ જિનેન્દ્રદેવ છે. આપણે ત્યાં ભગવાન પધાર્યા, દર્શન કરવાનું સૌભાગ્ય મળ્યું, તેની તો શી વાત! વિદેહના વિહરમાન ભગવાન—જાણે સાક્ષાત્ ભગવાન—આપણે આંગણે પધાર્યા! શ્રી સીમંધરભગવાનનો જ્યારે મંદિરના દ્વારમાં પ્રવેશ થયો ત્યારે ગુરુદેવે અતિશય ભક્તિભાવથી 'પધારો, ભગવાન! પધારો' – એમ સ્વાગત કરીને સાષ્ટાંગ નમસ્કાર કર્યા હતા. પૂજ્ય ગુરુદેવે આશ્ચર્યમુગ્ધ થઈ ભગવાનનાં દર્શન કર્યાં ત્યારે એમની આંખોમાંથી આનંદનાં આંસુ વહેવા લાગ્યાં હતાં. અહા! જગતમાં સર્વોત્કૃષ્ટ ભગવાન જ છે.

સમવસરણમાં બિરાજમાન સાક્ષાત જિનેન્દ્રભગવાનની તો વાત જ શી! પણ એમનાં પ્રતિબિંબની પણ વાત શી કહેવાય? જિનપ્રતિમા પણ ભગવાન જ છે. પં. બનારસીદાસજીએ કહ્યું છે ને—

'जिनप्रतिमा जिन-सारखी, नमै बनारसि ताहि।'

'कहत बनारसी अलप भवथिति जाकी,
साई जिनप्रतिमा प्रवानै जिन-सारखी।'

—જેની ભવસ્થિતિ અલ્પ થઈ ગઈ છે, મુક્તિ નજીક આવી ગઈ છે, તે જ જિનપ્રતિમાને જિનેન્દ્ર-સરખી સ્વીકારે છે.

'અહો! મારા ભગવાન પધાર્યા! ભગવાન ચૈતન્યની અંદર નિવાસ

કરીને—કેવળજ્ઞાન પ્રગટ કરીને—બેઠા છે. પધારો, ભગવાન! પધારો; હું કઈ વિધિએ આપની પૂજા કરું? કઈ વિધિએ વંદના કરું? મને તૃપ્તિ જ થતી નથી. અહો! આ તો સાક્ષાત જિનેન્દ્રદેવ પધાર્યા!'—ભગવાન પધાર્યા તે આનંદની તો શી વાત! ગુરુદેવના હૃદયમાં આનંદ સમાતો નહોતો.

ગુરુદેવ વારંવાર ગાતા'તા—

અમિય ભરી મૂરતી રચી રે, ઉપમા ન ઘટે કોય,
શાન્ત સુધારસ ઝીલતી રે, નિરખત તૃપ્તિ ન હોય;
સીમંધરજિન! દીઠાં લોયણ આજ, મારાં સીધ્યાં વાંછિત કાજ,
સીમંધરજિન! દીઠાં લોયણ આજ.

અહો! જેમની મુદ્રા શાન્ત સુધારસનું સરોવર છે એવા હે પ્રભુ! આપને નીરખતાં મને તૃપ્તિ જ થતી નથી, મારાં નયન પાછાં ફરતાં જ નથી. જગતમાં જે કાંઈ જોવા લાયક હોય તો તે સર્વોત્કૃષ્ટ નિજ જ્ઞાયકદેવ અને સર્વોત્કૃષ્ટ જિનેન્દ્રદેવ છે. જગતમાં બીજું કાંઈ પણ આશ્ચર્યજનક નથી. પ્રભુ! મારાં નયનો આપનાં દર્શનથી સફળ થયાં, હું આપને એકીટશે જોયા જ કરું.

સાધક જીવને જિનેન્દ્રદેવ પ્રત્યે એવો ભક્તિભાવ આવે છે કે—હે જિનેન્દ્રદેવ! આપના પ્રતાપથી જ મારા અંતરમાં જ્ઞાયકદેવ પધાર્યા છે. સાથે સાથે સાધકનું પરિણમન 'જ્ઞાયકદેવ' પ્રત્યે પણ નિરંતર ઢળેલું હોય છે જે જાણે કે એમ કહી રહ્યું છે કે—'પધારો, જ્ઞાયકદેવ! પધારો; મારા અંતરના મહેલમાં બિરાજો. અનંત અનંત શક્તિઓથી પરિપૂર્ણ હે જ્ઞાયકદેવ! આપનો હું કયાં પ્રકારે આદર કરું? આપને હું કઈ રીતથી વંદન કરું? આપનું હું કઈ વિધિથી પૂજન કરું?' અહીં, આદરણીય-વંદનીય-પૂજનીય પણ પોતે અને આદર કરનાર-વંદન કરનાર-પૂજન કરનાર પણ પોતે જ છે; બધું એકમાં જ છે, ભિન્નભિન્ન નથી.

જિનેન્દ્રભક્તિ તો શું, પણ ગમે તે કાર્ય કરતાં, સાધકની દૃષ્ટિ જ્ઞાયકદેવ પર જ પડી હોય છે. દૃષ્ટિ જ્ઞાયકદેવમાં જામી તે જામી! ત્યાંથી પાછી ફરતી જ નથી! બહારનાં નેત્ર ભલે જિનેન્દ્ર પર એકાગ્ર હોય પણ અંતરનાં નેત્ર તો ત્યારે પણ નિજજ્ઞાયકદેવ પરથી ખસતાં નથી.

જ્ઞાયકદેવનાં દર્શન થતાં અનંત ગુણોમાં અંશે શુદ્ધિની પર્યાય પ્રગટ થઈ; હવે પૂર્ણતા લીધા વિના અંતરનાં નૈન ત્યાંથી પાછાં ફરે જ નહિ. દ્રવ્યદૃષ્ટિ જ્યાં ચોંટી ત્યાંથી તે પાછી ફરતી નથી. અંતરમાં પૂર્ણતા કર્યે જ છૂટકો. જેમ ભગવાનનાં દર્શન થતાં નેત્ર ત્યાં થંભી જાય છે, તેમ જ્ઞાયકદેવનાં દર્શન થતાં અંતરનાં નેત્ર–દૃષ્ટિ–ત્યાં ચોંટી જાય છે. દૃષ્ટિ જામતાં જ્ઞાન પણ ત્યાં કથંચિત્ જામી ગયું. પછી ઉપયોગ અંદર અને બહાર એમ કરતાં કરતાં અંદરમાં પૂરો જતાં કેવળજ્ઞાન પ્રગટ થાય છે.

અહો! જ્ઞાયકદેવનો અને જિનેન્દ્રદેવનો અપાર મહિમા છે.

કુદરતમાં કેવો સુમેળ છે! જગતમાં જ્ઞાયકદેવ અકૃત્રિમ સ્વયંસિદ્ધ શાશ્વત છે. જ્ઞાયકદેવને પ્રગટ કરનાર, સાક્ષાત્ ચૈતન્યરત્નાકર એવા તીર્થંકરભગવંતો પ્રવાહરૂપે નિત્ય શાશ્વત બિરાજમાન છે, જગતમાં તેમનો કદી વિરહ હોતો નથી. ચૈતન્યરત્નાકર તીર્થંકરભગવંતોના પ્રતીકરૂપ અકૃત્રિમ સ્વયંસિદ્ધ રત્નનિર્મિત જિનબિંબો પણ લોકમાં શાશ્વતરૂપે બિરાજમાન છે. જગતમાં ઉપર, નીચે અને મધ્યલોકમાં—વૈમાનિક સ્વર્ગ, ભવનવાસીનાં ભવન, જ્યોતિષ્ક અને વ્યંતરનાં સ્થાનોમાં—અસંખ્યાત રત્નમય જિનમંદિરો અને જિનપ્રતિમાઓ છે. મંદિર પણ રત્નોનાં અને ભગવાન પણ રત્નોના! પ્રતિમાઓ કેટલીક તો ૫૦૦ ધનુષ્યપ્રમાણ અને મંદિરો તો એથી પણ ઘણાં ઊંચાં! અકૃત્રિમ, અતિમનોજ્ઞ, આબેહૂબ જિનેન્દ્રભગવાન સદૃશ પ્રતિમાઓ! જાણે હમણાં દિવ્યધ્વનિ છૂટી કે છૂટશે!

જિનપ્રતિમાનાં દર્શન કરતાં 'હું ભગવાનસદૃશ જ છું' એવી ભાવના આવે, આત્મા ને પરમાત્મામાં ભેદ ન રહે, તો નિધત્ત અને નિકાચિત કર્મ પણ તૂટી જાય છે. પણ વિના સમજે નહિ, આ તો અંતરંગ સમજપૂર્વકની વાત છે.

જગતમાં તીર્થંકરભગવાન સર્વોત્તમ વિભૂતિ છે. આપણને તો આ ભવિષ્યના તીર્થંકરભગવાન મળી ગયા; વર્તમાન ભગવાનની જેમ જ તેમની વાણીના શ્રવણનું સૌભાગ્ય મળ્યું. ગુરુદેવે વર્ષો સુધી વાણી વરસાવી. આ ભરતક્ષેત્રમાં દિવ્યધ્વનિની જેમ જ ગુરુદેવની ધ્વનિ ગાજતી હતી. તેના શ્રવણ જેવું બીજું સૌભાગ્ય કયું? ગુરુદેવે બધાને દ્રવ્યદૃષ્ટિનો

અર્થાત્ શુદ્ધાત્મદ્રવ્ય તરફ ઝૂકવાનો ઉપદેશ આપ્યો. તું પણ આ તરફ ઝૂકી જા; નિધાન તારી પાસે જ છે, ક્યાંય ગોતવા જવું પડે એમ નથી.

ભગવાનની રત્નનિર્મિત પ્રતિમાઓ પણ આશ્ચર્યકારી છે, તો તું તો સ્વયં અનાદિ-અનંત શાશ્વત ચૈતન્યરત્નાકર! દિવ્યધ્વનિમાં આ ચૈતન્યરત્નાકરની વાતો ઘણી આવે છે. તેમને સાંભળીને જીવ તેને દેખવા તરફ વળે છે—એવી ઉપાદાન-નિમિત્તની સંધિ છે. અનાદિ કાળથી રખડતા જીવને પ્રથમ દેશનાલબ્ધિ થાય છે—ભલે પછી ભગવાનની વાણી હોય કે ગુરુદેવની વાણી હોય. તેને સાંભળીને જીવ પોતા તરફ વળે છે.

આ જે અદ્ભુત ચૈતન્યદેવ છે તે કાંઈ ખાલી નથી; તે તો અનંત ગુણરત્નોથી ભરપૂર ચમકતું તત્ત્વ છે. બાહ્ય દૃષ્ટિવાળાઓએ તો આ સાંભળ્યું પણ નથી; બહારના ક્રિયાકાંડ ભલે કરે પણ એ તો ફોતરાં ખાંડવા જેવું છે, કસ તો અંદરમાં છે. બહારના પ્રયત્નથી શું વળે? અનંત ગુણરત્નોથી તું ઠસોઠસ ભરેલો છે, તે ગુણરત્નોથી ચમકતા પદાર્થ પર દૃષ્ટિ દે તો તે પાવન પુરાણ પુરુષ પ્રગટ થશે. આત્મા ભગવત્સ્વરૂપ છે, પવિત્ર છે, નિર્વિકલ્પતત્ત્વ છે. અનંત ગુણરત્નોથી ચમકતો, ભરપૂર આ આત્મા, વિકલ્પોથી નહિ પણ નિર્વિકલ્પ સ્વાનુભૂતિમાં જ જણાય છે. સ્વયં જ્ઞાનમાં જણાય, વેદનમાં અનુભવાય—અનંત ગુણરત્નાકરમાં સ્વયં ડૂબી જાય તો અનંત સુખનો અનુભવ કરે—એવો છે. એને કયા શબ્દોમાં કહેવાય? કોઈ પુરુષ રત્નનો મહેલ જોઈને આવ્યો હોય અને પછી વાત કરે તો શું કહે? તે રત્નનો મહેલ તો ધૂળ છે, તેના માટે તો ઉપમા પણ હોય છે, પણ આને માટે શી ઉપમા હોઈ શકે? તેનું વર્ણન શું કરાય? આ તો અનુપમ તત્ત્વ છે!

જ્યાં સુધી અનુભૂતિ ન થાય ત્યાં સુધી તેની શ્રદ્ધા કરે, મહિમા લાવે, તોપણ સારું છે. અનુભૂતિની ભાવના કર. અનુભૂતિ થઈ જાય તે તો ઘણું સુંદર છે, પણ તેના કાંઠે આવી જાય તે પણ સારું છે. તેની સમીપતા થઈ જાય તે પણ રૂડું છે. વિભાવ ને સંયોગની સમીપતા છોડીને, જ્ઞાયકની સમીપતા થઈ જાય તોપણ સારું છે. જ્ઞાયકની સાક્ષાત્ અનુભૂતિ તો લોકોત્તર ચીજ છે.

જ્ઞાયકદેવ અને જિનેન્દ્રદેવ હૃદયમાં સંસ્થાપિત રહો.

—*—

## * હે ભાઈ ! સુખી થવું હોય તો નિજ ઘરમાં આવ *

હે મુનિવર ! શિવસંગ છોડીને બહુના વિકલ્પમાં તું ન જા, તને દુઃખ થશે. જેમાં નિરુપદ્રવપણું ભર્યું છે એવા શિવસ્વરૂપ તારા નિજ શુદ્ધાત્માને છોડીને બીજે ક્યાંય ન જા. વીતરાગમૂર્તિ આનંદકંદ પ્રભુ એવો શિવસ્વરૂપી તું છો, તેને છોડીને તું ક્યાંય ન જા. જે શિવસંગમમાં—નિજભાવમાં લીન થતા નથી ને પરભાવમાં જાય છે-ચાહે તો શુભભાવ હોય—તે બધા દુઃખને સહે છે. આનંદસ્વરૂપ ભગવાનનો પરિચય છોડીને બહારમાં ન જા. ભગવાન આનંદસ્વરૂપે તું છો, પરમાત્મતત્ત્વ છો, તેનો સંગ છોડીને અમારી સામે ન જો એમ ભગવાન કહે છે. અંદરમાં જાય તે સુખી છે ને બહાર જાય તે દુઃખી છે એમ હે શિષ્ય તું જાણ !

આનંદના નાથના ઘરમાંથી નીકળીને નાથ તારે બહાર ક્યાં જવું છે ? અનંતસ્વભાવપણું અંદર પડયું છે ત્યાં જા. જે કોઈ બહારમાં જાય છે તે દુઃખી છે તેમ તું દેખ. અમૃતસાગરમાં જા, ત્યાંથી બહાર નીકળીશ તો દુઃખી થઈશ, અતીન્દ્રિય આનંદનું ઢીમ અંદર પડયું છે, અતીન્દ્રિય આનંદની ભેલી તું છો, તેને ચૂસને ? બહાર ક્યાં ધૂળ ખાવા જા છો ? તારા સ્વભાવમાં અનંતા સિદ્ધ પડયા છે—અનંતી સિદ્ધની પર્યાય પડી છે, પંચપરમેષ્ઠી સ્વરૂપ તું છો, પણ વર્તમાન એક સમયની પર્યાયમાં રુચિ છે તેથી તેની પાછળ પ્રગટ ભગવાન બિરાજે છે તેને દેખતો નથી.

ભવસિંધુને તરવાનો પ્રત્યક્ષ ઉપાય આત્મકલ્યાણ છે. ભાઈ ! તું જીવતીજ્યોત છો પણ તેનો તેં અનાદર કર્યો છે. હવે એકવાર તો ત્યાં જા. અજ્ઞાનને પડખે અનાદિથી સૂતો છો તો હવે પડખું તો બદલ, આનંદનો નાથ ત્યાં મળશે.

શુભભાવમાં રહેનારો તે દુઃખી છે ને ધ્યાનમાં રહેનારો તે સુખી છે એમ તું દેખ. જ્યાં તારું ઘર છે ત્યાં જા, બહારમાં જવું તે વ્યભિચાર છે. અમૃતનો પ્રભુ તું છો એને ઘૂંટીને-એકાગ્ર થઈને રાગનું ઝેર કાઢી નાખ. જે કોઈ અજ્ઞાની નિજભાવમાં લીન નથી રહેતા તેઓ આકુળતા સહે છે તેમ જાણ. ધર્માત્મા પણ વિકલ્પમાં આવે છે ત્યારે તેમને આકુળતા છે તેમ જાણ. જેઓ વિષય-કષાયને વશ થઈને નિજભાવમાં લીન નથી રહેતા તેઓ આકુળતા સહન કરે છે તેમ જો, પણ સુખી છે તેમ ન જો. સંસારી જીવ બધાય દુઃખી છે, સ્વર્ગના દેવ પણ દુઃખી છે ને કરોડપતિ શેઠીયો પણ દુઃખી છે; કોઈ સુખી નથી. એક શિવપદ જ પરમાનંદનું ધામ છે માટે તારા શિવસ્વરૂપને છોડીને તું બહારમાં ક્યાંય ન જા.

—પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી

—o—

# અત્યંત અપવિત્ર દેહની રુચિ છોડ ને પવિત્ર ભગવાન આત્માની રુચિ કર

(શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

[પ્રવચન-૧૬ મું]

આ ઈષ્ટ ઉપદેશ છે, તેની ૧૮મી ગાથા ચાલે છે.

શુચિ પદાર્થ જસ સંગથી, મહા અશુચિ થઈ જાય,
વિઘ્નરૂપ તસ કાય હિત, ઈચ્છા વ્યર્થ જણાય. ૧૮.

અહીં સર્વજ્ઞ ભગવાન તીર્થંકર પરમાત્માએ જીવ અને પુદ્‍ગલની ભિન્નતા બતાવી છે. ભગવાન કહે છે કે તું પોતે શરીરથી જુદો છો તો પછી શરીરની ક્રિયાથી તને ધર્મલાભ ક્યાંથી થાય? શરીરની ક્રિયાથી જીવને જરાય લાભ ન થાય.

શરીરની રુચિ છોડાવવા મુનિરાજ આ ગાથા કહે છે. ભાઈ! આ શરીર જડ, માટી, ધૂળ છે, ચામડીથી વીંટળાયેલું, માંસ, હાડકા ને લોહી-પરુનું પૂતળું છે, એ તારી ચીજ નથી અને તું તેની રુચિ કરે છો તો તારી પોતાની ચૈતન્યની રુચિ કરવાનું રહી જાય છે. એક સાથે બે તત્ત્વમાં રુચિ થઈ શકતી નથી. કેમ કે શરીર તો અપવિત્ર અને તું પવિત્ર, બેનો મેળ શી રીતે ખાય? એક મ્યાનમાં બે તલવાર ન સમાય તેમ પવિત્ર-અપવિત્ર બંનેમાં પ્રીતિ કેમ હોઈ શકે? પ્રભુ પરમાત્માએ આ જીવને શુદ્ધ આનંદકંદ પવિત્રતાની ગાંઠડી અને પવિત્રતાનો પિંડ કહ્યો છે. માટે કહે છે કે હે જીવ! તને આ અપવિત્ર જડ મૂર્તિની પ્રીતિ કેમ થાય છે?

ભાઈ! તારે હિત કરવું હોય તો આ જડ શરીર આદિની રુચિ છોડ. તેનાથી મને હિત થશે એવી માન્યતા છોડ! હું જ પવિત્રતાનો પિંડ છું એમ દૃઢ શ્રદ્ધા કરીને આત્માની રુચિ કર, તો તને શાંતિ ને સુખ મળશે. શરીર એવું તો અપવિત્ર છે કે તેની સાથે જે વસ્તુનો સંબંધ થાય તે વસ્તુને પણ તે અપવિત્ર બનાવે છે. દાળ, ભાત, શાક, રોટલી, મેસુબ આદિ ખાવાની સુંદર વસ્તુને પાંચ-છ કલાકમાં શરીર વિષ્ટા બનાવી દે છે. ભારે ભારે વસ્ત્ર શરીરને પહેરાવો તે પણ થોડી વારમાં શરીરના પરસેવાથી દુર્ગંધ મારશે.

શરીર તો વિષ્ટા તૈયાર કરવાનો સંચો છે ભાઈ! એ માટી છે, જડ છે, એ તું નહિ, એ તારા નહિ, એ તારામાં નહિ ને તું એનામાં નહિ. બંને ચીજ જુદી છે. એમ નહિ માનતાં શરીરને પોતાનું માની, ભોગનું સાધન માની, તેમાં રુચિ કરવી, પ્રેમ

કરવો તે મિથ્યાદૃષ્ટિપણું છે. વળી જીવ શરીરનો પ્રેમ કરવા જાય છે તેમાં પોતાની રુચિ અને પ્રેમ ચૂકી જાય છે. લાભ છોડીને નુકશાનીમાં રોકાય જાય છે તેને જ્ઞાની ગુરુ સમજાવે છે કે ભાઈ! શરીર અજીવ ને તું તો જીવ છો, શરીર રૂપી અને તું અરૂપી છો, શરીર મૂર્ત છે અને તું અમૂર્ત છો, તું આનંદનું ધામ છો અને શરીર તો ઉપદ્રવનું ઘર છે. એક વ્યાધિ મટે ત્યાં બીજી થાય અને એક ઇચ્છા પૂરી થાય ત્યાં બીજી ઇચ્છા થાય. શરીરના એક પછી એક ઉપદ્રવ ચાલુ જ હોય. પણ શરીરના રાગી જીવો તેની સેવા કર્યા જ કરે છે.

સર્વજ્ઞ વીતરાગ કહે છે કે ભાઈ! તું અમારી નાતનો અને અમારી જાતનો છો. 'સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય.' કોઈ આત્મા વાણિયો, બ્રાહ્મણ, ક્ષત્રિય કે ક્ષુદ્ર નથી. બધાં આત્મા સિદ્ધની જાતના છે. પણ પોતે પોતાની રુચિ છોડીને પોતામાં શ્રદ્ધા જ્ઞાન લીનતા ન કરી અને શરીરાદિમાં રુચિ ને પ્રેમ કરી દુઃખી થઈ રહ્યો છે તેને ભગવાન પરમાત્મા કહે છે કે ભાઈ! તારામાં તો અતીન્દ્રિય આનંદના પૂર પડ્યાં છે. તેનો ભરોસો નહિ કરતાં મૂર્ખ! તું જડના ભરોસે જીવન ખોઈ રહ્યો છો. તું ભોળો થઈને ભૂલી રહ્યો છો. પણ તારા ચૈતન્યજીવન અંદર જુદી જ જાતના છે તેનો તો જરા ખ્યાલ કર! ભરોસો લાવ!

મૂઢ જીવ શરીર કાળુ હોય તો કહે હું કાળો, રૂપાળુ હોય તો માને હું રૂપાળો, રોગી હોય તો પોતાને રોગી માને. ચોવીશે કલાક રાત–દિવસ શરીરની સંભાળમાં સમય વીતાવી રહ્યો છે પણ જ્ઞાની કહે છે કે ભાઈ! એ શરીર તો ચામડીમાં વીંટેલાં હાડકા ને માંસ છે, એ કાંઈ તારું સ્વરૂપ નથી.

સો ઇન્દ્રોની હાજરીમાં ભગવાન સર્વજ્ઞદેવ સમોસરણમાં આ વાત દિવ્યધ્વનિમાં સમજાવે છે. આ વિઘ્નરૂપ શરીરમાં તને રુચિ કેમ થાય છે? નાશવાન ચીજનો ભરોસો કેમ આવે છે? શરીરમાં તને રુચિ થાય છે એ તારી મૂઢતા છે. ૮ વર્ષની દીકરી હોય, સમ્યગ્દર્શન પ્રગટ કર્યું હોય, પછી ભલે લગ્ન કરે પણ તેને શરીર અને શરીરના ભોગોમાં સુખ ભાસતું નથી. ભોગ ભોગવે છતાં અંતરથી એ ભોગો પ્રત્યે ઉદાસીનતા છે. તે જાણે છે કે હું તો આત્મા છું. મારું સુખ મારામાં છે, મારા આત્મીક સુખ પાસે આ જડના સુખની કાંઈ જ કિંમત નથી.

ચાર શેર ઘીનો પાયેલો મેસુબ ખાઈને અજ્ઞાની સુખ માને છે પણ જરાં મેસુબ ચાવીને મોઢું ખોલીને અરીસામાં જોવે તો તેને પોતાને ગ્લાનિ થશે. કૂતરાની એંઠ જેવું દેખાશે. પણ જીવને દરકાર ક્યાં છે! જડનો પ્રેમ કરીને વૃથા સમય ગુમાવે છે. પોતાના અતીન્દ્રિય આનંદનો સ્વાદ ચાખવાની દરકાર પણ કરતો નથી. અનંતકાળે મોંઘો મનુષ્ય દેહ મળ્યો છે તે પણ ભાઈ! તું જડના ભરોસે ગુમાવી રહ્યો છો!

[ અનુસંધાન પાનું–૧૯ ]

# નિર્વાણનું કારણ : 'નિયમસાર'

શ્રી નિયમસારજી ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી

આત્મામાં કાર્યમોક્ષનું કારણ એવો મોક્ષમાર્ગ છે. તે મોક્ષમાર્ગ કાર્યનિયમ છે ને તેનું કારણ ધ્રુવ સ્વભાવ છે, તે કારણ નિયમ છે. તેમાં કાર્યનિયમ તે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર છે. તે ત્રણેનું સ્વરૂપ વર્ણવે છે.

(૧) મોક્ષમાર્ગરૂપ સમ્યગ્જ્ઞાન કોને કહેવું? તે કહે છે. પરદ્રવ્યને અવલંબ્યા વિના નિઃશેષપણે અંતર્મુખ યોગશક્તિમાંથી ઉપાદેય (ઉપયોગને સંપૂર્ણપણે અંતર્મુખ કરીને ગ્રહણ કરવા યોગ્ય) એવું જે નિજ પરમતત્ત્વનું પરિજ્ઞાન (જાણવું) તે જ્ઞાન છે.

શરીર-મન-વાણી કે દેવ-શાસ્ત્ર-ગુરુ વગેરે કોઈ પણ પર દ્રવ્યને અવલંબ્યા વિના અંતર્મુખ જે નિજ પરમાત્મતત્ત્વનું જ્ઞાન તે જ સમ્યગ્જ્ઞાન છે. પરસન્મુખભાવ ટળીને નિઃશેષપણે ચૈતન્ય ભગવાન આત્મામાં જ અંતર્મુખ થઈને ઉપાદેય એવું જે પોતાના પરમ આત્મતત્ત્વનું જાણવું તે સમ્યગ્જ્ઞાન છે. રાગાદિના અવલંબને સમ્યગ્જ્ઞાન થતું નથી. પર તરફનું જ્ઞાન તે મોક્ષનું કારણ નથી. મોક્ષનું કારણ તો અંતર્મુખ ઉપયોગ વડે સીધું આત્માનું જ્ઞાન કરવું તે જ છે. કોઈપણ પરનું અવલંબન લઈને જે જ્ઞાન થાય તે તો પરનું જાણપણું છે. પરના અવલંબને નિરપેક્ષ આત્મતત્ત્વ જણાય નહિ.

શાસ્ત્રને અવલંબીને જે જ્ઞાન થાય તે મોક્ષમાર્ગ નથી, પણ જેમાં કોઈપણ પરદ્રવ્યનું અવલંબન નથી એવું અંતર્મુખ નિજ પરમાત્મતત્ત્વનું જ્ઞાન તે જ મોક્ષમાર્ગ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષમાર્ગ છે-એમ ઘણા કહે, પણ તેમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર કહેવા કોને? તે અહીં બતાવે છે.

ચૈતન્યના આશ્રયે જ મારું જ્ઞાન થાય છે, ને પરના અવલંબને મારું જ્ઞાન થતું નથી, એમ જાણીને ઉપાદેયરૂપ નિજ પરમાત્મસ્વભાવમાં ઉપયોગ વાળીને જે જાણવું થાય, તેનું નામ સમ્યગ્જ્ઞાનરૂપી નિયમ છે. ધ્રુવસ્વભાવ છે તેમાં ઉપયોગ વાળ્યો ત્યાં નિજ પરમાત્મતત્ત્વ જ ઉપાદેય થયું; એવા ઉપાદેયરૂપ નિજ પરમાત્મતત્ત્વનું પરિજ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે; બહારમાં બીજા પરમાત્મનું જ્ઞાન કરવું તે તો શુભરાગમાં જાય છે. અંદરમાં સ્વસન્મુખ ઉપયોગ વાળીને પોતાના ધ્રુવ પરમાત્મતત્ત્વનું જ્ઞાન થયું તે જ સમ્યગ્જ્ઞાન છે. તે નિયમથી મોક્ષમાર્ગ છે. એકલો ધ્રુવ ચૈતન્યસ્વભાવ છે, તેમાં ઉપયોગને વાળીને જે આત્માનું જ્ઞાન થયું તે જ સમ્યગ્જ્ઞાન છે. સમ્યગ્જ્ઞાનમાં ઉપાદેય-પણે નિજ પરમ શુદ્ધ આત્મા જ છે. જ્ઞાન અંતરમાં વળ્યું ત્યાં તેમાં એકલું પરમાત્મ-

દ્રવ્ય જ ઉપાદેય રહ્યું, નિમિત્ત, વિકલ્પ કે વ્યવહાર ઉપાદેય ન રહ્યાં. શાસ્ત્રો આવા આત્મસ્વભાવને ઉપાદેય બતાવે છે, તેવા આત્માને અંતર્મુખ થઈને જાણે તો તેનું શાસ્ત્રનું ભણતર સાચું કહેવાય, પણ નિજ પરમાત્મતત્ત્વ સિવાય કોઈ રાગને, નિમિત્તને કે વ્યવહારને ઉપાદેય માનીને અટકે તો તેને શાસ્ત્રનું ભણતર પણ સાચું નથી. અંતર્મુખ ઉપયોગને વાળીને નિરપેક્ષ નિરાલંબી પરમ ચૈતન્યતત્ત્વને જાણે ત્યારે સમ્યગ્જ્ઞાન થાય, ને તેને શાસ્ત્રનું જ્ઞાન તે વ્યવહાર જ્ઞાન કહેવાય. આવું નિજ પરમાત્મતત્ત્વનું અંતર્મુખ સમ્યગ્જ્ઞાન તે જ મોક્ષમાર્ગ છે. અહીં નિયમરૂપ મોક્ષમાર્ગ બતાવવો છે, તેથી વ્યવહારની વાત લીધી નથી, કેમ કે વ્યવહાર તે ખરેખર મોક્ષમાર્ગ નથી.

હવે સમ્યગ્દર્શનનું સ્વરૂપ કહે છે.

**(૨) ભગવાન પરમાત્માના સુખના અભિલાષી જીવને શુદ્ધ અંતતત્ત્વના વિલાસનું જન્મભૂમિસ્થાન જે નિજ શુદ્ધ જીવાસ્તિકાય તેનાથી ઊપજતું જે પરમ શ્રદ્ધાન તે જ દર્શન છે.**

સાચા દેવ–શાસ્ત્ર–ગુરુની શ્રદ્ધા તે પણ વ્યવહાર શ્રદ્ધા છે, તો પછી કુદેવ–કુગુરુને માને તેની તો વાત ક્યાં રહી? જેમ સમ્યગ્જ્ઞાનમાં એકલા નિજ પરમાત્માનું અવલંબન છે તેમ સમ્યગ્દર્શનમાં પણ એકલા આત્માનું જ અવલંબન છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણે પરમ નિરપેક્ષ છે એ વાત પહેલાં બહુ સારી આવી ગઈ છે. સમ્યગ્દર્શન શુદ્ધ જીવાસ્તિકાયના જ આશ્રયે ઊપજે છે. સમ્યગ્દર્શન કોને થાય? જે જીવ ભગવાન પરમાત્માના સુખનો અભિલાષી છે એટલે કે જેને ચારગતિની અભિલાષા નથી, સ્વર્ગમાં ઇંદ્રપદના સુખની અભિલાષા નથી, એટલે કે સ્વર્ગમાં પોતાનું સુખ છે જ નહિ, સુખ તો મારા પરમાત્મસ્વભાવમાં જ છે, મારા ચૈતન્ય સિવાય બીજા કોઈ પદાર્થમાં મારું સુખ નથી.–એમ જેને પોતાના ભગવાન પરમાત્માના સુખની અભિલાષા છે–એવા જીવને શુદ્ધ અંતઃતત્ત્વના વિલાસનું જન્મસ્થાન પોતાનું શુદ્ધ જીવાસ્તિકાય છે. તેની શ્રદ્ધાથી સમ્યગ્દર્શન થાય છે. અંતરમાં મારો આત્મા સહજાનંદમૂર્તિ છે, તે જ મારા સુખની ઉત્પત્તિનું જન્મભૂમિસ્થાન છે. ચૈતન્યની મોજ અને આનંદ અનુભવનું સ્થાન શું? કે પોતાનું શુદ્ધ જીવતત્ત્વ તે જ આનંદની ઉત્પત્તિનું સ્થાન છે. મારો આનંદ કોઈ વિષયોમાં, નિમિત્તોમાં કે રાગમાં નથી, દેવપદમાં મારો આનંદ નથી, મારો આનંદ તો શુદ્ધ ચૈતન્યતત્ત્વમાં જ છે, તે જ મારા આનંદનું જન્મસ્થાન છે. આવા શુદ્ધ જીવાસ્તિકાયનું જે પરમ શ્રદ્ધાન તે જ સમ્યગ્દર્શન છે, ને એવું સમ્યગ્દર્શન તે નિયમ છે. મોક્ષના અભિલાષી જીવે આવા શુદ્ધ જીવનું પરમ શ્રદ્ધાન નિયમથી કર્તવ્ય છે, તેથી તે સમ્યગ્દર્શન છે. આવું સમ્યગ્દર્શન એકલા ચૈતન્યકંદ

સહજાનંદની મૂર્તિ નિરપેક્ષ આત્માના જ આશ્રયે ઊપજે છે. કોઈ વ્યવહારના અવલંબને, નિમિત્તના અવલંબને કે રાગના અવલંબને તે સમ્યગ્દર્શન ઊપજતું નથી. અહીં તો પોતાના આત્માને જ ભગવાન પરમાત્મા કહ્યો છે. એવા ભગવાન પરમાત્માના આશ્રયે થતી જે પરમ પ્રતીતિ તે જ સમ્યગ્દર્શન છે. આવા સમ્યગ્દર્શન પછી જ ચારિત્ર અને મુનિદશા હોય. આવા સમ્યગ્દર્શન વગર મોક્ષમાર્ગ હોય નહિ.

સમ્યગ્જ્ઞાન પણ એકલા અંતઃતત્ત્વના આશ્રયે છે, ને સમ્યગ્દર્શન પણ એકલા શુદ્ધ જીવતત્ત્વના આશ્રયે ઊપજે છે. ક્યાંય કોઈ પરનું અવલંબન સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને છે જ નહિ. રત્નત્રય પરથી તો પરમ નિરપેક્ષ છે. તેને એકલા ચૈતન્યનું જ અવલંબન છે; આવાં રત્નત્રય તે જ નિયમ છે.

શુદ્ધ અંતઃતત્ત્વના વિલાસ ક્યાંથી પ્રગટે?–કે નિજ શુદ્ધ જીવતત્ત્વ તે જ શુદ્ધ અંતઃતત્ત્વના આનંદનું જન્મભૂમિ સ્થાન છે. સમ્યગ્દર્શન રૂપી પ્રજાની ઉત્પત્તિ અંતરમાં શુદ્ધ ચૈતન્યતત્ત્વથી થાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ક્યાંય બહારથી ઉત્પન્ન થતાં નથી, અંતરમાં ભગવાન પરમાત્મા શુદ્ધ જીવતત્ત્વ છે તેના જ આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ઉપજે છે. આવા પોતાના પરમ તત્ત્વનું શ્રદ્ધાન તે જ સમ્યગ્દર્શન છે.

હવે સમ્યક્ ચારિત્રનું સ્વરૂપ કહે છે :—

**(૩) નિશ્ચય જ્ઞાન દર્શનાત્મક કારણપરમાત્મામાં અવિચળ સ્થિતિ (-નિશ્ચળપણે લીન રહેવું) તે જ ચારિત્ર છે.**

ત્રિકાળ ચૈતન્ય જ્ઞાયકજ્યોત તે કારણપરમાત્મા છે. જેવો ધ્રુવ આત્મા ત્રિકાળ છે તેના દર્શન-જ્ઞાન પણ ધ્રુવ ત્રિકાળ છે. આવો જે પોતાનો કારણપરમાત્મા છે તેની શ્રદ્ધા–જ્ઞાનપૂર્વક તેમાં અવિચળ સ્થિતિ તે જ ચારિત્ર છે. દેહની ક્રિયામાં કે પંચ મહાવ્રતના વિકલ્પમાં ચારિત્ર નથી, તેમાં જો ધર્મ માને તો તેને સમ્યગ્દર્શન પણ નથી. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પૂર્વક નિજ કારણપરમાત્મામાં અડગપણે લીનતા થાય તેનું નામ ચારિત્ર છે. ત્યાં બહારમાં સહજ દિગંબરદશા હોય, પણ અહીં તો અંદરના નિશ્ચય ચારિત્રની વાત છે. ચારિત્ર તો અંતરની લીનતામાં છે. આવી અંતરની લીનતા વિના પંચ મહાવ્રત પાળે ને તેને ચારિત્ર માને તો તે મિથ્યાદૃષ્ટિ છે. મોક્ષમાર્ગનું ચારિત્ર તો ધ્રુવ કારણપરમાત્મામાં લીનતા કરવી તે જ છે. નિશ્ચય સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, ને સમ્યક્ ચારિત્રને 'નિયમસાર' કહીને વ્યવહાર જ્ઞાન–દર્શન–ચારિત્રનો અભાવ બતાવ્યો છે. તે હો ભલે, પણ મોક્ષમાર્ગ તો નિશ્ચય જ્ઞાન–દર્શન–ચારિત્ર જ છે. વ્યવહારરત્નત્રય તે મોક્ષમાર્ગ નથી. સમ્યગ્દર્શન સહિતનાં જે પંચમહાવ્રત વગેરે વ્યવહારચારિત્ર તે પણ ખરેખર મોક્ષમાર્ગ નથી. અંતરમાં લીનતારૂપ નિશ્ચયચારિત્ર તે જ સમ્યક્ચારિત્ર છે, ને તે જ નિયમ છે.

આ પ્રમાણે અંતરમાં નિજ પરમાત્મદ્રવ્યના આશ્રયે જે જ્ઞાન-દર્શન-ચારિત્રસ્વરૂપ નિયમ છે તે જ નિર્વાણનું કારણ છે. નિર્વાણ એટલે સાદિ-અનંતકાળ સુધી સ્વરૂપમાં સ્થિતિ થઈ જવી તે; તે પણ ચૈતન્યસ્વરૂપના જ આશ્રયે છે. વ્યવહાર તો પોતે જ અસ્થિરતા છે, તેનાથી સ્વરૂપમાં સ્થિતિરૂપ નિર્વાણ થતો નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે નિયમરૂપ કાર્ય છે, તે અંતરમાં કારણપરમાત્માના આશ્રયે થાય છે.

નિયમ એટલે રત્નત્રય. તેની શુદ્ધતા બતાવવા માટે તેને "સાર" શબ્દ લગાડયો છે. એટલે કે નિશ્ચયરત્નત્રયથી વિપરીત એવા વ્યવહારરત્નત્રયનો પરિહાર કરવા માટે નિયમ સાથે "સાર" શબ્દ જોડયો છે. એ રીતે નિર્વિકલ્પરત્નત્રય તે 'નિયમસાર' છે તે જ નિર્વાણનું કારણ છે.

જુઓ! આ જંગલમાં આત્માનંદમાં ઝૂલતાં સંતે ટીકા કરી છે! પોતે મુનિ છે, ધર્મના થાંભલા છે. અંદર વિકલ્પ ઊઠયો છે ને આ ટીકા રચાય છે, પણ તે વિકલ્પનો આદર નથી, આદર તો શુદ્ધ સ્વભાવનો જ છે. તેના આશ્રયે શુદ્ધતા વધતી જાય છે. આવી દશામાં છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલતાં ઝૂલતાં આવી અલૌકિક ટીકા રચાઈ ગઈ છે.

એ રીતે ત્રીજી ગાથામાં નિયમસારની વ્યાખ્યા કરી.

હવે ત્રીજી ગાથાની ટીકા પૂર્ણ કરતાં શ્લોક કહેવામાં આવે છે.

[ શ્લોકાર્થ:— ] એ રીતે હું વિપરીત વિનાના (-વિકલ્પરહિત) અનુત્તમ **રત્નત્રયનો આશ્રય કરીને મુક્તિરૂપી સ્ત્રીથી ઉદ્‌ભવતા અનંગ (-અશરીરી, અતીન્દ્રિય, આત્મિક) સુખને પ્રાપ્ત કરું છું.** ૧૦.

ગાથામાં સ્વભાવના અવલંબને નિરપેક્ષ મોક્ષમાર્ગ સિદ્ધ કર્યો; તેના ઉપર ટીકાકારે કળશ ચડાવ્યો છે.

અનંગ સુખ એટલે અતીન્દ્રિય સુખ; આત્માના સ્વભાવથી ઊપજતું સુખ તે અનંગ સુખ છે. અંગ તે શરીર છે. તેનાથી પાર એવા આત્માના અનુભવનું સુખ તે અનંગ સુખ છે. તેવા સુખને હું પ્રાપ્ત કરું છું. કઈ રીતે? કે પરમ શુદ્ધ ઉત્તમ રત્નત્રયનો આશ્રય કરીને મુક્તિરૂપી સ્ત્રીથી ઉદ્‌ભવતા સુખને પ્રાપ્ત કરું છું. હજી મુક્તિ થઈ નથી, પણ અંતરમાં અનુભવના બળે મુક્તિના સુખને વર્તમાન જ પ્રાપ્ત કરું છું. મુક્તિ થશે ને મુક્તિનું સુખ મળશે-એવી વાત નથી લીધી, પણ દ્રવ્યના આશ્રયે પર્યાય અભેદ થતાં અમારી વર્તમાનમાં જ મુક્તિ છે. ભેદને જોતા નથી, અભેદ દ્રવ્યમાં લીન થયો ત્યાં વર્તમાનમાં મુક્તિ છે, માટે કહ્યું કે હું મુક્તિ સુખને પ્રાપ્ત કરું છું. અત્યારે મુનિદશામાં મુક્તિ જેવો આનંદ અનુભવું છું. મુક્તિનો આધાર તો ભગવાન આત્મા છે તે આખો વર્તમાન વર્તે છે. તેના આશ્રયે હું વર્તમાન મુક્તિના સુખને પ્રાપ્ત કરું છું.

[ અનુસંધાન પાનું ૨૧ ]

# વૈરાગ્યજનની : બાર ભાવના

[શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]

સંસાર ભાવનાનું વર્ણન ચાલે છે. આત્માનો અસલી સ્વભાવ જ્ઞાન આનંદની મૂર્ત છે. તે સ્વભાવમાં સંસાર નથી; આવા સ્વભાવનું ભાન કર્યે ધર્મ થાય છે. ધર્મી જીવ સ્વભાવના ભાનપૂર્વક સંસારનું સ્વરૂપ એમ વિચારે છે કે "અહો! ચૈતન્યસ્વરૂપ શાંત-સુખરૂપ છે, તે સિવાય સંસારમાં કોઈ સુખરૂપ નથી. સંસાર તો વિકાર છે, તે દુઃખરૂપ છે. આત્માના સ્વભાવમાં પૂર્ણતા છે, પણ પુણ્યના સંયોગમાં પૂર્ણતા હોતી નથી. સંયોગમાં પૂર્ણતા ન હોય, પુણ્ય પોતે ખંડખંડરૂપ વિકારભાવથી ઉત્પન્ન થયેલું છે. તેથી તેના ફળમાં પૂર્ણતા ન હોય. તીર્થંકરપદમાં પૂર્ણ પુણ્યનો ઉદય હોય છે. પણ ત્યાં તો કેવળજ્ઞાન થઈ ગયું છે, એટલે સંયોગ ઉપર લક્ષ જ નથી. અધૂરી દશાવાળા સંસારી જીવને પુણ્યના સંયોગમાં પૂર્ણતા હોય નહિ. ધર્મીને દૃષ્ટિનો વિષય પરિપૂર્ણ છે, ને તેમાં સ્થિરતા થતાં જ્ઞાનાદિની પૂર્ણતા પ્રગટે છે; પણ સંયોગમાં ઇચ્છાનુસાર પૂર્ણતા કોઈને થતી નથી. સ્વભાવ પરિપૂર્ણ છે, તેમાં સંસાર નથી. સંસારમાં ક્યાંય સંયોગની પૂર્ણતા હોતી નથી. માટે ધર્મી જીવ પૂર્ણ સ્વભાવી આત્માને દૃષ્ટિમાં લઈને તેની જ ભાવના કરે છે.

પુણ્યનાં ફળ મળે પણ તેમાં પરિપૂર્ણતા હોતી નથી. છદ્મસ્થદશામાં તીર્થંકર પ્રકૃતિ ફળે નહિ, કેવળજ્ઞાન થયા પછી જ તીર્થંકર પ્રકૃતિનું ફળ આવે છે, પણ ત્યાં તો કાંઈ બહારમાં સંયોગ ભોગવવા ઉપર લક્ષ હોતું નથી. ત્યાં તો પોતાના આનંદની પૂર્ણતાનો જ ભોગવટો છે. નીચલી દશામાં સંયોગના ભોગવટા ઉપર જેનું લક્ષ છે તેને પુણ્યનો સંયોગ પૂરો હોતો નથી; એટલે સંસારમાં કોઈ પ્રાણી સુખી નથી.

કોઈ જાણે કે 'જેને મહાન પુણ્યનો ઉદય છે તેને તો સુખ છે,' પણ સંસારમાં તો સુખ કોઈને પણ હોતું નથી. ભરતચક્રવર્તી જેવા પણ અપમાનાદિકથી દુઃખી થયા તો બીજાઓની વાત જ શું કહેવી? સંયોગમાં સુખ તો નથી, પણ સંયોગમાં પૂર્ણતા હોતી નથી. ધર્મી જીવ સંયોગમાં સુખ માનતા નથી, તેથી તેને સંયોગની ભાવના હોતી નથી. અખંડ સ્વભાવની જ ભાવના ભાવે છે. ધર્મી તો સંસારમાં સુખ માનતા નથી. ચિદાનંદ આત્મા અખંડ જ્ઞાનમૂર્તિ છે, વીતરાગતાનો પિંડ છે. તે અખંડ સ્વભાવમાં ભેદ પડીને વિકલ્પ ઊઠ્યો ત્યારે પુણ્યનો ભાવ થયો. તે પુણ્ય પોતે ખંડખંડરૂપ છે, અને તેના ફળમાં સંસારીને જે સંયોગ મળ્યો, તે સંયોગમાં પણ પૂર્ણતા હોતી નથી. અરે ભાઈ! જો તું સંસારમાં સુખ માનતો હો તો અહીં મુનિરાજ

કહે છે કે ધીરો થા! ધીરો થા! આ સંસારમાં ચક્રવર્તી જેવાને પણ સંયોગમાં પૂર્ણતા નથી, તો બીજાની શું વાત? જુઓ, સ્વભાવનું સુખ પૂર્ણ હોય, પણ સામગ્રીનું સુખ પૂરું ન હોય. સામગ્રીમાં સુખ તો છે જ નહિ. પણ જે સામગ્રીમાં સુખની કલ્પના કરે છે. તે સામગ્રી પણ પૂરી કોઈને હોતી નથી. ભરત ચક્રવર્તી તો ધર્માત્મા હતા, તેને ભાન હતું કે મારું સુખ તો મારા સ્વભાવમાં જ છે, સંયોગમાં મારું સુખ નથી.

તે ભરત ચક્રવર્તી છ ખંડ જીતીને જ્યારે પાછા ફરે છે ત્યારે તેના નાના ભાઈ બાહુબલી તેને નમતા નથી; એટલે તેમને યુદ્ધ થાય છે. જુઓ, બન્ને ભાઈઓ સમ્યગ્જ્ઞાની છે, તે જ ભવમાં કેવળજ્ઞાન પામીને મોક્ષ પામવાના છે પણ જરાક અભિમાનને લીધે બન્ને પરસ્પર યુદ્ધ કરે છે, તેમાં ભરત ચક્રવર્તી હારી જાય છે, ને તેમનું અપમાન થાય છે. જુઓ! ચક્રવર્તી જેવા પુણ્યવંતનું પણ અપમાન થયું! તો બીજા સાધારણ જીવોની તો શું વાત કરવી? માટે આ સંસારમાં પુણ્યનાં ઉદયવાળા જીવો પણ સુખી નથી. ભરત જેવા પુણ્યવંતને પણ પુણ્યમાં એટલી ઓછાશ હતી તેથી હારી ગયા. પુણ્ય તે કાંઈ સ્વભાવ નથી તેથી તેમાં પૂર્ણતા હોય નહિ. માટે તું પુણ્યની ને સંયોગની ભાવના છોડ ને અંદરનો ચિદાનંદ સ્વભાવ પરિપૂર્ણ છે તેની ભાવના કર. આત્મા જ્ઞાન–આનંદ વગેરે સ્વભાવથી ભરપૂર–પરિપૂર્ણ છે તેની પ્રતીત કરીને તેમાં લીન થાય તો પર્યાયમાં જ્ઞાન આનંદની પૂર્ણતા પ્રગટે છે. પણ કોઈ જીવ સંયોગમાં પૂર્ણતા કરવા માગે તો તેમાં કદી પૂર્ણતા થાય તેમ નથી. જુઓ આનું નામ સંસાર–ભાવના! સંસારમાં પુણ્યના ફળમાં જેને સુખ લાગતું હોય તે જીવને ખરી સંસારભાવના હોય નહિ. એક તરફ સ્વભાવ ને બીજી તરફ સંયોગ! જેણે સ્વભાવની પૂર્ણતાની ભાવના ન કરી તે જીવ અજ્ઞાનથી સંયોગમાં પૂર્ણતાની ભાવના કરે છે. ધર્મી જીવ તો પોતાના પૂર્ણ સ્વભાવની રુચિ અને ભાવના કરીને સંયોગની ભાવના છોડે છે.

જુઓ, ભરત ચક્રવર્તી જ્યારે હારી ગયા ત્યારે અપમાનથી દુઃખ લાગ્યું ને ક્રોધથી બાહુબલી ઉપર ચક્ર છોડયું. પણ ચક્ર કદી ચરમશરીરનો કે ગોત્રના માણસોનો ઘાત કરે નહિ તેથી બાહુબલી ઉપર ચક્ર ચાલ્યુ નહિ અને બાહુબલી વૈરાગ્ય પામ્યા કે અરે! ધિક્કાર આ સંસારને! એક પૃથ્વીના ટુકડા માટે ભરત ચક્રવર્તી જેવા પણ સગા ભાઈનો ઘાત કરવા તૈયાર થયા! આમ સંસારથી વિરક્ત થઈને બાહુબલીજી દીક્ષા માટે તૈયાર થયા. ભાઈને દીક્ષા લેવા માટે તૈયાર થયેલા દેખીને ભરતને પણ દુઃખ લાગ્યું. જુઓ! અહીં એમ કહેવું છે કે સંસારમાં પુણ્યનાં ફળની પૂર્ણતા હોતી નથી. પૂર્ણતા તો ચિદાનંદ સ્વભાવમાં છે. સિદ્ધ ભગવંતોને આત્મામાં બધી

રીતે પૂર્ણતા છે, અહો! પૂર્ણતા તો સિદ્ધ દશામાં છે; દરેક આત્મા સિદ્ધ જેવો પરિપૂર્ણ છે. એવા આત્મસ્વભાવની ભાવના કરવા જેવી છે. બહારમાં સંસારને સુધારવા માગે તો તે સુધરી શકે તેમ નથી. પણ સંસારની ભાવના છોડીને સ્વભાવની ભાવના કરે તો તે પર્યાયમાં પૂર્ણ જ્ઞાન–આનંદ પ્રગટી જાય. સંસારનું આવું સ્વરૂપ વિચારીને ધર્મીજીવ સ્વભાવની ભાવના વધારે છે ને તેને ક્ષણે ક્ષણે શુદ્ધતા વધતી જાય છે. પુણ્ય ને પુણ્યનું ફળ તે આત્માની ચીજ નથી. પુણ્ય તો અનંતવાર કરી ચૂક્યો. પણ જે ભાવથી આત્મામાં જન્મમરણનો અંત આવે તેવો ભાવ પૂર્વે કદી પ્રગટ કર્યો નથી. અહો! સ્વભાવનું ભાન કરીને તેની ભાવનાથી જન્મ-મરણનો અંત આવે તે જ કરવા જેવું છે.

**सकलार्थविषययोगः बहुपुण्यस्य अपि न सर्वत्र भवति।**
**तत् पुण्यं अपि न कस्य अपि सर्वं येन निश्चितं लभते ॥ ५० ॥**

**અર્થ:— આ સંસારમાં સમસ્ત પદાર્થો વિષય અર્થાત્ ભોગ્ય વસ્તુ છે તે સર્વનો યોગ મોટા પુણ્યવાનને પણ સર્વાંગપણે મળતો નથી અર્થાત્ એવું કોઈ પુણ્ય જ નથી કે જે વડે બધાય મનોવાંછિત ( પદાર્થો ) મળે.**

ચિદાનંદ આત્મા સ્વભાવથી પરિપૂર્ણ છે. તેની દૃષ્ટિ અને ભાવના કરે તો અપૂર્ણતા રહે નહિ. આત્માથી ભિન્ન એવા સંયોગોનો ભોગવટો કદી પૂર્ણ થતો નથી. બહારના સંયોગમાં પૂર્ણતા કરવા માગે તો તે કદી થતી નથી. જુઓ, અહીં ચૈતન્ય-સ્વભાવની પાસે આખા સંસારને તુચ્છ બતાવે છે. અરે! ચિદાનંદસ્વભાવની પૂર્ણતા છે ને સંસારમાં સંયોગનો ભોગવટો તો કદી કોઈને પૂરો મળતો નથી. સંસાર તો સ્વપ્ન જેવો છે. પુણ્યનાં ફળ આવે ને પાંચ-પચીસ વર્ષ રહીને ક્ષણમાં ફૂ થઈને ઊડી જાય! સ્વભાવની પૂર્ણતા પ્રગટી તેનો કદી વિરહ થાય નહિ ને સંસારમાં પુણ્યનો સંયોગ કોઈને કાયમ રહે નહિ. અહો! સંસારમાં પ્રથમ તો પુણ્યનો પૂરો યોગ કોઈને મળતો નથી અને પુણ્યનો સંયોગ મળ્યો તેમાં પણ સુખ નથી, પુણ્યનાં ફળને ભોગવવાની તૃષ્ણા તે દુઃખ છે. સંયોગમાંથી સુખ ભોગવવાનું જ્ઞાની માનતા નથી. અજ્ઞાની સ્વભાવની ભાવના ચૂકીને સંયોગમાં સુખ માને છે. પહેલાં એ વાત લક્ષમાં લેવી જોઈએ કે અરે! સંસારમાં મારું સુખ ક્યાંય બહારમાં નથી, મારું સુખ તો મારા આત્મામાં જ છે. આમ ઓળખે તો તેની ભાવના ફરી જાય, સંસારની ને સંયોગની ભાવના છૂટી જાય, એટલે સંસારની તીવ્ર લોલુપતાનો ભાવ છૂટી જાય. અજ્ઞાની તો જાણે કે સંયોગમાંથી સુખ લઈ લઉં–એમ માને છે એટલે તે સંયોગનું અભિમાન કરે છે. અરે ભાઈ! તારા સુખનું ધામ તો આત્મામાં છે, માટે તેને

ઓળખીને તેની ભાવના કર. સુખની ખાણ તો તારામાં ભરી છે. સંયોગમાં તારું સુખ ભર્યું નથી. પુણ્યનો વૈભવ હોય ભલે પણ તું તારા ચૈતન્યવૈભવનો આદર છોડીને તેની ભાવના કરીશ નહિ. ભરતને છ ખંડનો રાજવૈભવ હતો પણ તે અંતરમાં એવી ભાવના કરતા હતા કે અરે ચિદાનંદ હંસલા! આ સંયોગ તે તારી ચીજ નથી. તારું પરમાત્મસ્વરૂપ પરિપૂર્ણ છે, તેમાં જ તારી શાંતિ છે. આમ તે પોતાના સ્વભાવની જ ભાવના ભાવે છે.

સમંતભદ્રસ્વામી તીર્થંકરોની સ્તુતિ કરતાં કહે છે કે હે નાથ! સમ્યગ્દષ્ટિ જ આપને ઓળખીને પૂજ્ય માને છે. જેને પુણ્યની રુચિ છે એવા અભવ્ય કે મિથ્યાદષ્ટિ જીવો આપને ખરેખર નહિ પૂજે. કેમ કે આપનો આત્મા પુણ્ય-પાપ રહિત ચિદાનંદ-સ્વરૂપ છે. તેથી આપને જે પૂજ્ય માને તેને પુણ્યની રુચિ હોય નહિ. એટલે ખરેખર સમ્યગ્દષ્ટિ જીવ જ ભગવાનને પૂજે—વંદે છે. દ્રવ્યસંગ્રહના મંગલાચરણમાં ભગવાનને "સો ઇંદ્રોથી વંદ્ય" કહ્યા છે, તેથી તે બધા ઇંદ્રો પણ સમ્યગ્દષ્ટિ હોવા જોઈએ. જેને પોતાના પુણ્ય-પાપ રહિત નિર્મળ સ્વભાવનો આદર થયો તે જ જીવ ખરેખર ભગવાનને વંદન કરનાર છે. હે ભગવાન! આપ સમ્યગ્દષ્ટિથી જ પૂજ્ય છો. અજ્ઞાની જીવ સામાન્યપણે વંદન કરે તેમાં તો શુભભાવ છે, તે કાંઈ ધર્મ નથી. જેણે પરમાર્થે પોતાના સ્વભાવને પૂજ્ય જાણ્યો છે એવા ધર્મી જીવથી જ ભગવાન ખરેખર વંદ્ય-પૂજ્ય છે.

પૂર્ણ સ્વભાવની ભાવના કરવા જેવી છે, બહારમાં સંયોગની ભાવના કરવા જેવી નથી. જેને સંયોગની ભાવના છે તે ખરેખર ભગવાનનો ભક્ત નથી.

कस्य अपि नास्ति कलत्रं अथवा कलत्रं न पुत्रसम्प्राप्तिः ।
अथ तेषां सम्प्राप्तिः तथापि सरोगः भवेत् देहः ।। ५१ ।।

અર્થ:— કોઈ મનુષ્યને તો સ્ત્રી નથી, કોઈને જો સ્ત્રી હોય તો પુત્રની પ્રાપ્તિ નથી તથા કોઈને પુત્રની પ્રાપ્તિ છે તો શરીર રોગસહિત છે.

અરે જીવ! બહારના સંયોગમાં બધો મેળ નહિ ખાય; સંયોગની ભાવના કરીને તું મફતનો તારા સ્વભાવ સાથેનો મેળ તોડી નાખે છે!! કોઈ જીવને એકનો એક પુત્ર હોય ને પરણવા વખતે માંડવામાં જ મરી જાય!! કોઈને સ્ત્રી હોય તો પુત્ર ન હોય! કોઈને પુત્ર હોય તો પૈસા ન હોય, કોઈને પુત્ર વગેરે હોય પણ શરીર રોગી હોય ઇત્યાદિ પ્રકારે સંસારમાં 'ત્રણ સંધાય ત્યાં તેર તૂટે છે.' માટે ધર્મી જીવોએ સંસારનો એક પણ ભવ આદરવા જેવો નથી, અંદર ચિદાનંદસ્વભાવના વૈભવનું ભાન કરીને તેનો જ આદર અને ભાવના કરવા જેવી છે. (-ક્રમશઃ)

—o—

[ ભગવાન આત્મા...પાનું ૧૦ થી ચાલુ ]

પ્રભુ તું આત્મામાં એકાગ્રતા કર તો તને સિદ્ધ જેવો આનંદ આવશે. તું અમૂર્ત-આનંદનો સંચો છો, તેમાંથી વીતરાગી આનંદ જ પ્રગટ થાય. અહીં મુનિરાજ શરીર અને આત્માનું સ્વરૂપ બતાવી તે બેનું જુદાપણું બતાવે છે. શરીર પ્રત્યે દ્વેષ કરાવવાનો આશય નથી. જેવું બંનેનું સ્વરૂપ છે તેવું પ્રગટ કરે છે. શરીરનું સ્વરૂપ કેવું છે તે વિચારો !

જુદાં જુદાં વાસણમાં હાડકા, માંસ, લોહી, પરુ આદિ કાઢો. કેવું ગ્લાનિકારક છે? તેનું જ શરીર બનેલું છે. જ્યારે આત્માનું સ્વરૂપ ભાગ પાડીને વિચારો તો ? એક તરફ જ્ઞાન, એક તરફ શાંતિ, આનંદ, સ્વચ્છત્વ, વિભુત્વ, પ્રકાશ આદિ અનંત ગુણો ભર્યા છે. એકલાં ગુણોનો જ પિંડ છે. આમ બંનેનું સ્વરૂપ બતાવી મુનિરાજ શરીરની રુચિ છોડાવી આત્માની રુચિ કરાવે છે. અતીન્દ્રિય આનંદસ્વરૂપ આત્માની રુચિ થાય તેને પરની રુચિ રહે જ નહિ.

જીવની ભૂલ-ભૂલામણી ગુરુ બતાવે છે. પરમાં મારાપણાની બુદ્ધિ અને માયા-મોહમાં જીવ પોતાનું સ્વરૂપ ભૂલી રહ્યો છે. સહજાત્મસ્વરૂપ, સહજાનંદી નિજ આત્માનું સ્વામીપણું ચૂકીને આ જડનું સ્વામીપણું કરે છે તે મિથ્યાદૃષ્ટિનું લક્ષણ છે.

પવિત્ર મનને પણ અપવિત્ર બનાવે એવા આ શરીરને સારી સારી વસ્તુ ખવરાવવી અને સારાં સારાં કપડાં પહેરાવવા, અનેક જાતની અનુકૂળતા આપવી તેનાથી શું લાભ છે? બધાંને એ અપવિત્ર શરીર અપવિત્ર બનાવશે. શરીર રજકણનો પિંડ અને તું અરૂપી આનંદનો પિંડ શરીરથી જુદી ચીજ છો એવા ભાન વગર શરીરની અનુકૂળતા માટે અનેક ઉપાયો કરવા તે બધાં વ્યર્થ છે. એક રોગ આવે અને દવા કરે ત્યાં બીજો રોગ થાય. કહેવત છે ને 'એક સાંધે ત્યાં તેર તૂટે' તેના જેવું આ શરીરનું છે. અઢારેય અંગ વાંકા છે, અને ભગવાન આત્મા આનંદનો કંદ છે, શાંતિનો પિંડ છે. તેનો પ્રેમ કરાવવા માટે આ ઈષ્ટ ઉપદેશ છે. ભાઈ ! તારી નજરમાં ફેર છે. જ્યાં સુખ છે ત્યાં તું નજર નાખતો નથી અને જેમાંથી સુખ-શાંતિ કદી મળવાની નથી એવા શરીરાદિમાં તું સુખની આકાંક્ષા રાખીને બેઠો છો.

પુદ્‌ગલના દ્રવ્ય-ગુણ ને પર્યાય ત્રણેય પુદ્‌ગલ છે. દ્રવ્ય એટલે વસ્તુ, ગુણ એટલે તેના રંગ-ગંધ આદિ અને દુર્ગંધ-સુગંધ, લીલી-પીળી, સુવાંળી-ખરબચડી આદિ તેની પર્યાય છે, એ બધું જડ છે, એ તને સુખ ક્યાંથી આપશે? તને દગો દેશે હો ! પછી મરવા ટાણે તારે પસ્તાવું પડશે કે આખી જિંદગી શરીરમાં મારાપણું કરીને તેની સાર-સંભાળમાં વ્યર્થ સમય ગુમાવ્યો પણ કાંઈ સુખ મળ્યું નહિ અને મારાં આત્માનું મેં કાંઈ કર્યું નહિ. આવા પસ્તાવાનાં ટાણા આવે તે પહેલાં ચેતી જા ભાઈ ! ચેતી જા. એકવાર તું ચૈતન્યનો શેઠ થા ! એમ અમારો તને આ ઈષ્ટ ઉપદેશ છે.

નાળિયેરીમાં ગંદુ પાણી નાખો તોપણ એ નાળિયેરમાંથી મીઠું પાણી મળે અને આ શરીરમાં ચોખ્ખું, મીઠું પાણી નાખો તોપણ એ પેશાબ થઈને નીકળે. મુસંબીના પાણી પાવ તોપણ તેનો પેશાબ તૈયાર થાય. આવા અપવિત્ર અને અનેક જાતના રોગ આદિના વિઘ્ન પેદા કરવાવાળા શરીરનો પણ મૂઢ જીવ પ્રેમ છોડતો નથી. શરીરને નવરાવવા, ખવરાવવા, પીવરાવવા, તૈયાર કરવાનું, સુવડાવવનું આખા દિવસનું ટાઈમટેબલ મૂઢ ગોઠવી રાખે છે અને એને માટે પૈસા કમાવવામાં કાળ ગુમાવે છે. તેને જ્ઞાની કહે છે કે આવા અપવિત્ર શરીરના ભોગો માટે ઈચ્છા કરવી તે વ્યર્થ છે.

હવે શિષ્ય પ્રશ્ન કરે છે કે ભગવન્! શરીર તો અપવિત્ર અને વિઘ્નકારી હોવાથી તેના ઉપર તો ધનથી ઉપકાર ન થાય. ધનથી મેળવેલી સારી વસ્તુને પણ શરીર અપવિત્ર બનાવી દે અને ધન ખર્ચી એક રોગ મટાડીએ ત્યાં બીજો થાય છે માટે ધનથી શરીર ઉપર તો ઉપકાર થતો નથી તે તમારી વાત સાચી છે પણ આત્મા ઉપર તો ધનથી ઉપકાર થાય ને! દાન આદિ દઈએ તેથી આત્માને તો લાભ થાય ને? જેમ ઉપવાસ આદિ તપશ્ચરણથી આત્માને લાભ થાય છે તેમ ધનથી પણ આત્માને ઉપકાર થાય ખરો ને? આમ શિષ્યનો પ્રશ્ન છે. તેને ગુરુ કહે છે કે જો ધનથી આત્માને ઉપકાર થાય એટલે કે દાન દેવાથી આત્માને લાભ થતો હોય તો તો નિર્ધનને રોવું પડે અને ધનવાન ધર્મી થઈ જાય. પણ એમ બને જ નહિ.

આત્માનું ધ્યાન કરવાથી પણ આત્માને લાભ થાય ને ધનનું દાન કરવાથી પણ આત્માને લાભ થાય એમ માની પ્રશ્ન કરનાર શિષ્યને આચાર્યદેવ ઉત્તર આપતાં ૧૯મી ગાથા કહે છે :—

જે આત્માને હિત કરે, તે તનને અપકાર,
કરે હિત જે દેહને, તે જીવને અપકાર. ૧૯.

જે આત્મા ઉપર ઉપકાર કરવાવાળા છે તે શરીર ઉપર અપકાર કરનારા છે. આત્માના શ્રદ્ધા-જ્ઞાન ધ્યાન-તપ-કરવાથી આત્માને ઉપકાર થાય અને તેનાથી જ શરીરનો અપકાર થાય છે. તપ આદિ કરવાથી શરીર ગળી જાય છે. વળી જે ચીજ શરીરનું હિત કરનારી છે, ઉપકાર કરનારી છે એવી દાળ-ભાત-શાક-મીઠાઈ આદિ તથા વસ્ત્ર-શણગાર આદિથી શરીરને ઉપકાર થાય છે ને તેનાથી આત્માને અપકાર થાય છે. 'શરીરનો ઉપકાર તે આત્માનો અપકાર અને આત્માનો ઉપકાર તે શરીરનો અપકાર.'

અહીં નિમિત્તથી કથન ચાલે છે. ઉપવાસ નામ ઉપ એટલે નજીક અને વાસ એટલે રહેવું. આત્માની સમીપ વસવાથી આત્માને લાભ થાય અને તેનાથી શરીરનું બરાબર ધ્યાન ન રહે, ખોરાક ન મળે તેનાથી શરીરનું અહિત થાય. અને ધન આદિ

શરીરના હિતમાં નિમિત્ત છે તે આત્માને અહિતમાં નિમિત્ત થાય છે. લક્ષ્મીથી શરીરને હિતકર એવા ભોજનની સામગ્રી મળે, રોગનો ઉપચાર થાય, શરીરને શોભાવે એવા શૃંગાર થાય તેથી શરીરને લક્ષ્મીથી ઉપકાર થાય પણ આત્માને એ ધન મેળવવામાં અને ભોગ ભોગવવામાં જે રાગ અને તૃષ્ણા થાય તેનાથી અપકાર થાય છે. લક્ષ્મી રળવામાં પણ આત્માને પાપ થાય છે, તેનાથી ભોગ ભોગવવામાં પણ પાપ થાય છે અને દાનાદિમાં વાપરવામાં પણ મારાપણાની અહંબુદ્ધિથી મિથ્યાત્વ પુષ્ટ થાય છે. તેથી ધન આત્માને ઉપકારમાં નહિ પણ અપકારમાં નિમિત્ત થાય છે. શરીરને ભલે લક્ષ્મીથી લાભ થાય પણ આત્માને તો લક્ષ્મીના નિમિત્તે નુકશાન જ છે. લક્ષ્મીથી આત્માને જરા પણ લાભ ન થાય.

સત્ ચિદાનંદ શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ કરવાથી આત્માને લાભ થાય છે, ધનથી આત્માને લાભ ન થાય. શરીરને જે લાભમાં નિમિત્ત છે તે આત્માને નુકશાનમાં નિમિત્ત છે અને આત્માને જે લાભમાં નિમિત્ત છે તે શરીરને નુકશાનમાં નિમિત્ત છે. આત્માના શ્રદ્ધા-જ્ઞાન-ધ્યાન કરવાથી આત્માને લાભ થાય પણ આત્માનું ધ્યાન કરવાથી શરીરનું ધ્યાન રહેતું નથી, શરીરની દરકાર રહેતી નથી, તેથી શરીરને અપકારમાં નિમિત્ત થાય છે. શરીરમાં તો ધ્યાન રાખો કે ન રાખો જેમ થવાનું હોય તેમ જ થાય પણ દરકાર ન રાખી હોય અને શરીરમાં પ્રતિકૂળતા આવે એટલે બેદરકારી અહિતમાં નિમિત્ત કહેવાય.

ભાઈ ! અવિનાશી ચીજની-તારી પોતાની ચીજની તને રુચિ નહિ અને નાશવાન ચીજની રુચિમાં તું રોકાઈ ગયો છો તેથી તારી શરીર આદિ પ્રત્યેની રુચિ અમારે છોડાવવી છે. તે માટે આ ઈષ્ટ ઉપદેશ છે. (ક્રમશઃ)

—o—

[ નિર્વાણનું કારણ : નિયમસાર પાનું ૧૪ થી ચાલું ]

કોઈ કહે કે પંચમ કાળમાં આ ટીકા લખાય છે, તે પંચમકાળમાં તો મુક્તિ નથી ને?

તો કહે છે કે જ્યાં પર્યાય અંતરમાં વળીને અભેદ થઈ, ત્યાં પૂરા સ્વભાવના આશ્રયે લીનતાથી તૃપ્તિ છે, ધ્રુવ સ્વભાવના આશ્રયે પર્યાય કૃતકૃત્ય થઈને વર્તે છે, માટે અધૂરી પર્યાય અને પૂરી પર્યાય એવા ભેદને હું જોતો નથી, પણ દ્રવ્યમાં લીનતાથી વર્તમાનમાં મુક્તિનું સુખ અનુભવું છું. અધૂરી પર્યાય ને પૂરી પર્યાય એવા પર્યાયના ભેદ ઉપર જોર નથી, પણ અભેદ સ્વભાવ વર્તમાન પરિપૂર્ણ છે તેના ઉપર જોર છે, તેમાં એકાગ્રતાથી વર્તમાનમાં જ મુક્તિ જેવા સુખને હું અનુભવું છું—એમ ટીકાકાર મુનિરાજ કહે છે. (-ક્રમશઃ)

—o—

# અશરીરી આત્માને શરીરમાં જન્મવું તે શરમજનક વાત છે

[શ્રી યોગસાર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]

[પ્રવચન–૨૧ મું]

અહીં યોગસારની ૫૮ ગાથા પૂરી થઈ. છેલ્લી ગાથામાં આવ્યું હતું કે જેમ આકાશમાં અનેક પદાર્થો રહેલાં દેખાય છે છતાં એ દરેક પદાર્થો પોતામાં રહ્યા છે, આકાશરૂપે થયા નથી. તેમ જ્ઞાનમાં પદાર્થો જણાય છે તોપણ પર પદાર્થો આત્માથી જુદાં છે, પરપદાર્થો આત્મામાં નથી. આમ આ પ્રકારે આકાશ અને આત્મામાં સમાનપણું હોવા છતાં બે વચ્ચે ફેર શું છે તે હવે કહે છે.

જેમ શુદ્ધ આકાશ છે, તેમ શુદ્ધ છે જીવ;
જડરૂપ જાણો વ્યોમને, ચૈતન્યલક્ષણ જીવ. ૫૯.

આકાશમાં પરદ્રવ્ય નથી તેમ આત્મામાં પણ પરદ્રવ્ય નથી. આકાશ શુદ્ધ છે તેમ આત્મા પણ પોતાના સ્વરૂપે શુદ્ધ છે. પચરંગી વાદળ હો કે બીજાં પાંચ દ્રવ્યો આકાશમાં હો, પણ તેના રંગે આકાશ રંગાયેલું નથી. સર્વદ્રવ્યોથી આકાશ અલિપ્ત છે, તેમ આત્મા વિકાર કે પરચીજથી રંગાયેલો નથી. આવા શુદ્ધ આત્માનું એકાગ્ર થઈને ધ્યાન કરવું તેને યોગસાર કહે છે.

આકાશ શુદ્ધ છે અને આત્મા પણ શુદ્ધ છે પણ હે જીવ! આકાશ જડ છે, તેનામાં ચેતના નથી, જ્યારે આત્મા ચેતન છે. આકાશ આકાશનું ધ્યાન કરી શકતું નથી કેમ કે તેનામાં જ્ઞાન નથી, જ્યારે આત્મા પોતાનું ધ્યાન કરી શકે છે કેમ કે તે જ્ઞાનવાન છે માટે તે બન્નેમાં મહાન તફાવત જાણી હે જીવ! તું જ્ઞાનસ્વરૂપી આત્માનું ધ્યાન કરજે! આત્મા ચેતનાર છે, જાણનાર છે, એકાગ્ર થનાર છે, માટે જાણનારને તું જાણજે. ચૈતન્યસ્વરૂપ શુદ્ધ છે તેનું જાગ્રત થઈને ધ્યાન કરતાં પર્યાયમાં શુદ્ધતા પ્રગટ થાય છે.

આકાશ સર્વવ્યાપી છે. તેની સાથે આત્માને સરખાવે છે કે આત્મા પણ આકાશની માફક સર્વવ્યાપી છે. આકાશ ક્ષેત્રથી સર્વવ્યાપી છે અને આત્મા ભાવથી સર્વને જાણનારો છે માટે સર્વવ્યાપી છે.

દરેક દ્રવ્ય પરમસ્વભાવી છે. પારિણામિક ભાવે પરમાણુ, આકાશ આદિ છએ દ્રવ્યો

પરમસ્વભાવી છે પણ એ પરમસ્વભાવને આત્મા જાણી શકે છે. એ જ્ઞાનગુણની વિશેષતા છે. માટે કહે છે કે સામાન્યગુણે આકાશ આદિ બધાં દ્રવ્યો સમાન છે પણ વિશેષગુણે કરીને દરેક દ્રવ્યમાં તફાવત છે.

આકાશ આદિ ચાર જડ દ્રવ્યો પણ શુદ્ધ છે અને આત્મા ચેતનસ્વભાવી પણ શુદ્ધ છે. આકાશ આદિ દ્રવ્યોને શુદ્ધતા છે તે પ્રાપ્ત કરવાની નથી, પ્રાપ્ત જ છે, પણ જેને શુદ્ધતા પ્રગટ કરવી છે તેવા જીવે પોતાના શુદ્ધ સ્વભાવનું ધ્યાન કરીને તેમાં એકાગ્ર થઈને શુદ્ધતાનો અનુભવ કરવો એ જ નિર્વાણનો માર્ગ છે.

ભગવાન આત્મા ચૈતન્યસ્વભાવી હોવાથી, ચેતનપણે જાગ્રત થઈને ચેતનાનો અનુભવ કરવો તે જ પોતાની મુક્તિનો ઉપાય છે.

હવે ૬૦ મી ગાથામાં કહે છે કે પોતાની અંદર જ મોક્ષમાર્ગ છે.

ધ્યાન વડે અભ્યંતરે, દેખે જે અશરીર;
શરમજનક જન્મો ટળે, પીએ ન જનનીક્ષીર. ૬૦.

જે જ્ઞાની નાસિકાદૃષ્ટિ રાખીને એટલે કે અંતર્મુખ દૃષ્ટિ કરીને જ્ઞાનાનંદસ્વભાવી, અશરીરી પોતાના આત્માને દેખે છે, ધ્યાવે છે તેને ફરી આવાં લજ્જાજનક જન્મો કરવા પડતાં નથી.

નાસિકાદૃષ્ટિ એટલે અંતરમાં જે મુખ્ય વસ્તુ છે તેના ઉપર દૃષ્ટિ રાખીને શરીર, રહિત—અશરીરી, શુદ્ધ કુંદન સમાન નિર્મળ પોતાના આત્માને જે ધ્યાવે છે, અનુભવે છે તે મોક્ષમાર્ગી છે. જ્ઞાનમૂર્તિ ભગવાન આત્મા પોતાની પૂર્ણ જ્ઞાનદશા પ્રગટ કરવા અભ્યંતર દૃષ્ટિનું સાધન કરે તેને ફરી બીજી માતાની કુંખે અવતરીને માતાનું દૂધ પીવું નહિ પડે.

ચૈતન્યબિંબને અગ્ર કરીને-મુખ્ય કરીને તેનું અંતર ધ્યાન કરે તે અંતરનો મોક્ષમાર્ગ છે, તે જ સાચો—વાસ્તવિક મોક્ષમાર્ગ છે. વિકલ્પમાં કે નિમિત્તમાં કે મજબૂત શરીરના સંહનનમાં મોક્ષમાર્ગ ખરેખર નથી.

વસ્તુના સ્વભાવ ઉપર દૃષ્ટિ લઈ જવી તેને અહીં નાસાગ્રદૃષ્ટિ કહી છે. પૂર્ણ આનંદ તે આત્માનું નાક છે, તેના લઈને આત્મા નભી રહ્યો છે, માટે તેના ઉપર દૃષ્ટિ મૂકવાનું કહ્યું છે. લોકો મોટી આબરૂને પોતાનું નાક કહે છે. અહીં કહે છે કે આત્માની મોટી આબરૂ 'કેવળજ્ઞાન' તે આત્માનું નાક છે. કેવળજ્ઞાનરૂપી નાકનો આત્મા ધણી છે. શું એની મહિમા!! કેવળજ્ઞાનીની વાણીમાં ન આવી શકે એટલું આત્માનું જ્ઞાન છે, એટલી શાંતિ છે અને એવું અનંતુ બળ આદિ બધા ગુણો વાણીમાં ન આવી શકે એટલાં મહાન છે. અનંતી અનંતી અનંતી આત્મિકશક્તિ

તે આત્માનું નાક છે. આત્મા જેવી બીજી ચીજ કેવી! એની શું વાત કરવી! એની આબરૂની શું વાત કરવી! આવા આત્માનું ધ્યાન કરે તો અલ્પકાળમાં નિર્વાણ પામે. આવો અંતરનો માર્ગ છે. બહાર શોધવા જવો પડે તેમ નથી.

ભગવાનના જ્ઞાનમાં આત્માનું અનંતુ સામર્થ્ય આવી જાય છે પણ વાણીમાં તો તેના અનંતમાં ભાગે આવે છે. જેટલું જણાય છે તેટલું વાણીમાં આવી શકતું નથી. એવા આત્માના સામર્થ્યની શી આબરૂ! જે વસ્તુસ્વભાવમાં જન્મ-મરણ નથી તેનું ધ્યાન કરનારના જન્મ-મરણ પણ ટળી જાય છે.

જે જીવ શાંત...શાંત...વિકલ્પરહિત નિર્વિકલ્પ, રાગરહિત વીતરાગ તત્ત્વને જોવા માટે નિર્મળ ગંગા વહાવે—નિર્મળ પરિણતી પ્રગટ કરે અને શરીર વિનાનો છતાં શરીરપ્રમાણ બિરાજિત એટલે કે શરીર જેટલાં ક્ષેત્રમાં રહેલો, જેટલાં ક્ષેત્રમાં શરીર છે એટલાં જ ક્ષેત્રમાં બિરાજમાન આત્માને અંતર સૂક્ષ્મ ભેદવિજ્ઞાન દૃષ્ટિથી જોવાનો પ્રયત્ન કરે, રાગથી ભિન્ન વીતરાગ તત્ત્વને રાગ, સંયોગ, નિમિત્ત અને વિકલ્પ આદિરૂપ આંખ બંધ કરીને જોવાનો વારંવાર પ્રયત્ન કરે, વિકલ્પની વૃત્તિનો નાશ કરી અંતર નિર્વિકલ્પ તત્ત્વમાં ટગટગી લગાવે, તેમાં એકાકાર થાય તેને તે અભ્યંતર મોક્ષનો ઉપાય છે. બહારમાં મોક્ષમાર્ગ નથી. અંતરમાં મોક્ષમાર્ગ છે. પ્રવચનસારમાં પણ કહ્યું કે અરે! બહારમાં મોક્ષનું સાધન શોધવા શા માટે જાવ છો? તમારું સાધન તમારાં અંતરમાં છે.

અજ્ઞાની જીવ શાસ્ત્રમાં ક્યાંક વ્યવહારની વાત આવે ત્યાં તે બરાબર પકડી લે છે કે વ્યવહાર ટેકારૂપ છે, સહાયક છે એમ ભગવાને કહ્યું છે પણ ભગવાને જ એકલા વ્યવહારનું ફળ સંસાર કહ્યું છે તેના તરફ લક્ષ આપતો નથી.

અહીં તો આચાર્યદેવ કહે છે કે જે આત્મામાં એકાગ્ર થવાની ભાવના કરતો કરતો એકાગ્ર થઈને અનુભવ કરી લે છે તેની અનુભવરૂપી ધ્યાનાગ્નિ કર્મને બાળીને ખાખ કરી નાખે છે, અને આત્માને સોળવલા સોના જેવો શુદ્ધ બનાવી દે છે. આ બધી અંતરના ધ્યાનની ક્રિયા છે. બહારની ક્રિયા વિકલ્પ આદિ તો બધાં દૂર રહી જાય છે. વ્યવહાર મોક્ષમાર્ગ ખરેખર વાસ્તવિક મોક્ષમાર્ગ નથી. અભ્યંતર મોક્ષમાર્ગ પોતાની પાસે છે અને પોતે કરી શકે છે. નિશ્ચય સ્વરૂપમાં એકાગ્ર થવું તે જ સાચો મોક્ષમાર્ગ છે.

પ્રશ્ન:—આવો મોક્ષમાર્ગ ગુરુ બતાવે ને!

ઉત્તર:—આત્મા પોતે જ પોતાનો ગુરુ છે, તે પોતાને અભ્યંતર માર્ગ બતાવે છે. જે જેને સમજાવે તે તેનો ગુરુ કહેવાય. હે આત્મા! તું જ્ઞાન છો, તું આનંદ છો,

તું પૂર્ણ છો, તું શુદ્ધ છો, તું અનાદિથી રખડયો છો, એમ સમજાવીને આત્મા પોતે જ પોતામાં ઠરે છે માટે આત્મા જ પોતાનો સાચો ગુરુ છે. આત્મા ગુરુ અને તેની પર્યાયરૂપી પ્રજા તે તેની શિષ્ય છે. પર્યાય આત્મદ્રવ્યનો વિનય કરે છે. આત્મા અને પર્યાય ગુરુ–શિષ્ય છે. આત્મા અને પર્યાયનાં નામભેદે ભેદ છે, લક્ષણ ભેદે ભેદ છે, ભાવ ભેદે ભેદ છે અને પ્રદેશભેદે બંને અભેદ છે. દ્રવ્ય ધર્મ કાયમી અસલી ધર્મ છે અને પર્યાય ક્ષણિક ધર્મ છે. દ્રવ્યગુરુનો આધાર લઈને પર્યાયરૂપી શિષ્ય કામ કરે છે.

હવે ૬૧ મી ગાથામાં કહે છે કે નિર્મોહી થઈને શરીરને પોતાનું ન માનો.

તનવિરહિત ચૈતન્યતન, પુદ્ગલ તન જડ જાણ,
મિથ્યા મોહ દૂરે કરી તન પણ મારું ન માન. ૬૧.

આત્મા જડ શરીરથી રહિત છે પણ ઉત્તમ જ્ઞાનરૂપી સુશરીર–સુંદર શરીરથી સહિત છે. આત્માનો પરમભાવ તે તેનું શરીર છે. બહારનું શરીર તો જડ છે. હે જીવ! તું તેમાં મોહ ન કર. નિર્મોહી બન.

આત્મજ્ઞાનના સાધકને ઉચિત છે કે તે પોતાને જડશરીર રહિત જ્ઞાનશરીરી સમજે અને પુદ્ગલ પરમાણુથી રચિત આ જડ મૂર્તિક શરીરને પીંજરું અથવા કારાગૃહ સમજે. પોતાનું બધું શ્રેય–હિતની દરેક ક્રિયા આત્મા સાથે જોડે અને પરથી પ્રેમ ઉઠાવી લે. કારણ કે જ્યાં સુધી હું આત્મા અતીન્દ્રિય આનંદ અને સુખથી ભરેલો છું એવી શ્રદ્ધા, જ્ઞાન અને રુચિ થતાં નથી ત્યાં સુધી શરીર અને શરીરના સાધનને જ હિતકારી માની આવકારે છે, ઇચ્છે છે અને તેમાં જ પ્રેમ કરે છે. શરીર નીરોગ રહે, શરીરને બધી જાતની અનુકૂળતા રહે તો ઠીક એવી બુદ્ધિ મિથ્યાદૃષ્ટિની હોય છે, માટે હે સાધક! તું આવી મિથ્યાદૃષ્ટિથી દૂર રહેજે. તારા આત્માની નીરોગતા અને અનુકૂળતાથી તું સુખી છો. આવી શ્રદ્ધા થયાં પછી પરમાં મારાપણાની-સારાપણાની માન્યતા છૂટી જાય છે. અજ્ઞાનીને અંતરના આનંદનો અનુભવ નથી તેથી તે બહારના આનંદમાં ટેકો આપ્યા વગર રહેતો જ નથી. 'શરીરે સુખી તો સુખી સર્વ વાતે' આમ માનીને અનિત્ય શરીર આદિમાંથી અજ્ઞાની જીવ સુખ લેવા ચાહે છે.

ભગવાન આત્મા ચૈતન્યશરીરી છે, તેમાં સુખ અને આનંદ ન માનતાં બહારથી સુખની ઇચ્છા રાખવી તે મૂઢતા છે, મોહ છે. અજ્ઞાની મોહી જીવ દયા–દાન–વ્રત–ભક્તિ કરીને પણ વાંછા તો આ ભવ કે પરભવમાં ભોગો ભોગવવાની જ રાખે છે.

સંસારી આત્માની મન–વચન–કાયાની બધી ક્રિયાઓ મોહ ઉપર જ નિર્ભર છે. આવા મિથ્યામોહનો નાશ કરીને જે સમ્યગ્દર્શન પ્રગટ કરે છે તે સાધક જીવ નિશ્ચિત થઈને જ્યારે કરવા માગે ત્યારે આત્માનો અનુભવ કરી શકે છે. તેને પોતાપણું–

મારાપણું એક આત્મામાં જ છે, મોહ ક્યાંય નથી. ચારિત્રમોહના ઉદયવશ રાગ આવે તો રોગી જેમ કડવી ઔષધિનું પાન કરે તેમ સમ્યગ્દૃષ્ટિ-જ્ઞાની વિષય ભોગ ભોગવે છે. લાચાર થઈને રાગીને કડવી દવા પીવી પડે તેમ જ્ઞાનીને વિકલ્પવશ-લાચારીવશ ભોગ ભોગવવા પડે છે, પણ ભાવના તો તેનાથી કેમ જલ્દી છૂટાય એવી જ રહે છે. દૃષ્ટિમાં ગ્રહણ યોગ્ય તો પોતાનું નિજસ્વરૂપ જ લાગે છે પણ રાગવશ ભોગનું ગ્રહણ કરે છે. મિથ્યાદૃષ્ટિને વારંવાર રાગ અને પર જ દૃષ્ટિમાં આવ્યા કરે છે. જ્યારે સમ્યગ્દૃષ્ટિને વારંવાર પોતાનું નિજસ્વરૂપ જ દૃષ્ટિમાં આવ્યા કરે છે.

આત્માનુભવનું ફળ કેવળજ્ઞાન અને અવિનાશી સુખ છે અને રાગ, પુણ્ય, પાપ વિકારીભાવનું ફળ ચાર ગતિનું દુઃખ છે. આ વાત હવે આચાર્યદેવ ૬૨મી ગાથામાં કરે છે.

નિજને નિજથી જાણતાં, શું ફળ પ્રાપ્ત ન થાય?
પ્રગટે કેવળજ્ઞાન ને શાશ્વત સુખ પમાય. ૬૨.

જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ ભગવાન આત્માનો અનુભવ એટલે કે સર્વજ્ઞ શક્તિ-વાળા આત્માની દૃષ્ટિ જ્ઞાન ને સ્થિરતા કરતાં પૂર્ણ શક્તિ પર્યાયમાં પ્રગટ થઈ જાય છે. જ્ઞાનની સાથે શાશ્વત નિત્ય અવિનાશી કાયમ ટકે એવા સુખને પણ પામે છે. પૂર્ણ જ્ઞાનરૂપે પરિણમતાં સાથે પૂર્ણ સુખને પણ પામે એવું આત્માનુભવનું મહાન ફળ છે. અભ્યંતર મોક્ષમાર્ગનું-અનુભવનું ફળ કેવળજ્ઞાન અને પૂર્ણ સુખ છે.

જેણે આત્માથી આત્માને જાણ્યો તેણે ૧૨ અંગ જાણી લીધા. જેણે આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું. ઉપયોગને આત્મામાં જોડવો તે 'યોગસાર' છે. તે મોક્ષમાર્ગ છે. ઉપયોગને આત્મામાં જોડીને આત્માને જાણતાં જે મહા આનંદ થાય-તેની શી વાત! તે આનંદ પાસે ઈન્દ્રપદ કે ચક્રવર્તીના વૈભવની કાંઈ ગણતરી નથી. તે ઈન્દ્રપદ અને ચક્રવર્તી પદ તો પુણ્યના ફળ છે. આત્મજ્ઞાનના ફળમાં તો કેવળજ્ઞાન અને પૂર્ણ સુખ પ્રગટ થાય છે તે જ વાત અહીં લીધી છે. વચ્ચે રાગના ફળમાં ઈન્દ્રપદ કે ચક્રવર્તીના વૈભવો મળે છે તેની વાત અહીં યાદ કરી નથી, કારણ કે તે સાધ્ય નથી. સાધ્ય તો કેવળજ્ઞાન અને શાશ્વત સુખ છે અને તે જ આત્મ-જ્ઞાનનું સાચું ફળ છે. આત્મજ્ઞાનનો અપાર મહિમા છે. આમ આત્માને કઈ રીતે જાણવો અને તેનું ફળ કેવું મહાન છે તે આ ગાથામાં બતાવ્યું. (ક્રમશઃ)

# ઉલ્લાસપૂર્ણ તાર તથા પત્ર

[ ગુજરાતી 'આત્મધર્મ' અંક નં. ૪૮૪ ( ફેબ્રુઆરી )માં પ્રકાશિત થયેલ શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના ભૂતપૂર્વ પ્રમુખ માનનીય શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીની '**પ્રશસ્ત અન્તર્ભાવના**' વાંચીને અનેક મુમુક્ષુઓ પ્રસન્નતા વ્યક્ત કરે છે. તેના ખાસ નમૂનારૂપે ક્રમશઃ શ્રી ધીરુભાઈ શ્રોફ ( મુંબઈના ) તારનો તથા વીંછિયાનિવાસી મુમુક્ષુ ભાઈ શ્રી હિંમતલાલ વાલજીભાઈ ડગલી કે જેઓ આપણા મુમુક્ષુસમાજના એક સારા વાંચનકાર છે અને જેમને પૂજ્ય ગુરુદેવ, પૂજ્ય બહેનશ્રી તથા સુવર્ણપુરી-તીર્થધામ પ્રત્યે અપાર ભક્તિભાવ છે, તેમના ઉલ્લાસભર્યા પત્રનો ઉપયોગી અંશ મુમુક્ષુઓની જાણ માટે અત્રે આપવામાં આવ્યો છે. ]

પૂજ્ય કાનજીસ્વામીની સાધનાભૂમિ સોનગઢ કે જ્યાંથી તેમણે સમસ્ત ભારતમાં અધ્યાત્મજ્ઞાનનો ઉપદેશ ફેલાવ્યો, તેના ઉત્કર્ષ માટે પૂ. બહેનશ્રીના આશીર્વાદપૂર્વક એક કરોડ રૂપિયાના લક્ષ્યાંકવાળું ધ્રુવફંડ ઊભું કરવાની આપની યોજના આ મહિનાના 'આત્મધર્મ'માં વાંચીને મને આનંદ થયો છે. મને વિશ્વાસ છે કે ટૂંક સમયમાં જ આપનો લક્ષ્યાંક પૂર્ણ થઈ જશે; કારણ કે આ ફંડનો શુભ હેતુ ગુરુદેવની ભૂમિ—સોનગઢ—ના કાયમી નભાવ માટેનો અને ગુરુદેવના ભક્તોને સોનગઢ તીર્થ-ધામની યાત્રા કરવાની તક મળે એવા વિધવિધ ધાર્મિક ઉત્સવોની ઊજવણી માટેનો છે. જ્યારે અને જે પ્રકારે મારા સહકારની આવશ્યકતા હોય ત્યારે અને તે પ્રકારે મારી સેવા દેવામાં મને આનંદ થશે. ગુરુદેવની ભક્તિના આ મહાન કાર્યમાં આપને સંપૂર્ણ સફળતા ઇચ્છું છું.

ધીરૂભાઈ શ્રોફ, મુંબઈ
–ના સાદર પ્રણામ
તા. ૨૧–૨–૮૪

વીંછિયા, તા. ૧૭–૨ ૮૪

આત્માર્થી વડીલ પૂ. બાપુજી,

સુવર્ણપુરીધામ;

લિ૦ હિંમતલાલ વાલજીભાઈના જયજિનેંદ્ર !

......સોનગઢ ભારતનું અજોડ અધ્યાત્મ તીર્થ છે. ત્યાંની સંસ્થાના—ટ્રસ્ટના—વહીવટના સુંદર સંચાલન માટે એક કરોડ રૂપિયાનું ધ્રુવફંડ ઊભું કરવા માટે આપની શુભ ભાવનાને વ્યક્ત કરતા સમાચાર 'આત્મધર્મ'માં પ્રસિદ્ધ થયા છે જે વાંચીને અત્યંત હર્ષોલ્લાસ થાય છે. સોનગઢનું નામ આજે ભારતભરમાં અજોડ-અદ્વિતીય અધ્યાત્મતીર્થ તરીકે પ્રસિદ્ધ થયું છે. તેનું બધું જ શ્રેય પરમપૂજ્ય સદ્ગુરુદેવશ્રીના ફાળે જાય છે. ભારતભરમાં ચારે બાજુ તીર્થ-યાત્રાધામો અને ભવ્ય જિનાલયોનું

નિર્માણ થયેલું દૃષ્ટિગોચર થાય છે, પરંતુ વર્તમાન કાળમાં અધ્યાત્મ તત્ત્વની મૂળ વાત—મૂળ સિદ્ધાંતનાં રહસ્યોનું સચોટ સ્પષ્ટીકરણ—પૂ. ગુરુદેવશ્રી દ્વારા સોનગઢથી પ્રસિદ્ધ થયેલ છે. 'સમયસાર' જેવું ગંભીર અધ્યાત્મશાસ્ત્ર માત્ર કાચના કબાટમાં જાળવી રાખવા પૂરતું હતું તે ભાગવત પરમાગમ શાસ્ત્ર પૂ. ગુરુદેવશ્રીના પ્રભાવના-ઉદયના પ્રતાપથી જિજ્ઞાસુ શિષ્યો માટે ઘરે-ઘરે, ગલીએ-ગલીએ વંચાતું થઈ ગયું છે; તે આપણા સૌ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના અસીમ ઉપકારનું જ ફળ છે....તે એક નિઃશંક અને નક્કર સત્ય હકીકત છે. ગુરુદેવશ્રીએ ભારતભરના મુમુક્ષુસમાજ ઉપર કરેલા અકથ્ય ઉપકારનો પ્રત્યુપકાર વાળવા આપણે સૌ ખરેખર અસમર્થ છીએ.

આપણા સમગ્ર સમાજ માટે તો 'પૂ. ગુરુદેવશ્રી એટલે સોનગઢ અને સોનગઢ એટલે પૂ. ગુરુદેવશ્રી' છે. આવું અનોખું અધ્યાત્મ તીર્થ સોનગઢ, કે જેનો એકેક કણ ગુરુદેવશ્રીના ચરણસ્પર્શથી પાવન થયેલો છે તે અધ્યાત્મ તીર્થધામ 'સોનગઢ'ને શુદ્ધ સુવર્ણથી મઢી દઈએ અને એકેક કણ ઉપર સાચાં રત્નો જડી દઈએ તોપણ આ સોનગઢ તીર્થધામ પ્રત્યેનું ઋણ આપણે ચૂકવી શકવાના નથી; તે વાતનો દરેક મુમુક્ષુ-હૃદય ભક્તિભાવથી સ્વીકાર કરશે.

પૂ. ગુરુદેવશ્રીએ ૪૫-૪૫ વર્ષના કાળ સુધી અતૂટપણે ધારાવાહી તત્ત્વજ્ઞાનનાં અમૃત વરસાવી અધ્યાત્મની રેલમછેલ કરી દીધી છે—એવી અમૂલ્ય ગુરુવાણીના રણકાર સુવર્ણપુરીમાં સદાય ગૂંજતા રહે અને અધ્યાત્મરસપિપાસુ જીવોની તૃષા છિપાવતું સોનગઢ અમર તીર્થ બની રહે એવી આપના હૃદયમાં ઘોળાતી મંગળ ભાવના આપે ભગવતી માતા પૂ. બહેનશ્રી પાસે રજૂ કરી તેઓશ્રીના મંગળ આશીર્વાદ મેળવ્યા છે; તો આ ભાવના જરૂર ફળીભૂત થશે, તે વાતમાં લેશમાત્ર શંકા નથી. સોનગઢ ટ્રસ્ટના વ્યવસ્થિત સંચાલન માટે એક કરોડ રૂપિયા જેવી રકમનું ફંડ ઊભું કરવું તે બહુ મોટી વાત નથી.

ભારતભરનાં મુમુક્ષુ-મંડળો આપે વ્યક્ત કરેલી સહૃદય-ભાવનાને હર્ષભેર વધાવી લઈને તેની સફળતા માટે તન-મન-ધનથી સહકાર આપશે જ. આ કામ કોઈ એક વ્યક્તિનું, એક ગામનું કે એક મંડળનું નથી, પણ ભારતભરના સમગ્ર મુમુક્ષુ-સમાજનું છે. આપના હૃદયના ઊંડાણમાંથી જાગેલી આ ભાવના સાકાર રૂપ ધારણ કરે તે માટે આપણે સૌ મુમુક્ષુઓ સોનગઢ અને પૂ. ગુરુદેવશ્રીએ કરેલ મહાન ઉપકાર પ્રત્યે પોતાની ફરજ અદા કરી કમિટીના કાર્યમાં સહાયભૂત બનીએ તે જ નમ્ર ભાવના.

લિ૦
હિંમતલાલ ડગલીનાં
સદ્ગુરુવંદન

## ગુરુદર્શન ઝંખતા આત્માર્થીઓના સ્મૃતિપટમાં સાક્ષાત્ દર્શન આપનાર

# તપોભૂમિ–સુવર્ણપુરીમાં ૯૫ મો જન્મજયંતી મહોત્સવ

[ તા. ૨૮-૪-૮૪ થી તા. ૨-૫-૮૪ ]

'તું ભગવાન છો'–એમ કહીને મુમુક્ષુઓને આ ભવ-અટવીમાંથી બહાર નીકળવાનો માર્ગ દર્શાવનાર આત્મોદ્ધારક આપણા વહાલા ધર્મપિતાના પાવન ચરણ-કમળથી નિરંતર પાવન થયેલાં જેનાં કણકણ આપણને તેઓશ્રીના સેંકડો પ્રસંગોનું સ્મરણ કરાવે છે, જેનાં કણકણ તેઓશ્રી પ્રત્યેની ભક્તિ–મહિમાનો ધોધ આપણા હૃદયમાં ઉછાળે છે, જેના કણકણ આપણને આત્મહિત માટે અતિ ઉત્સાહિત કરે છે, જેના કણકણ રાખને માટે રતન નહીં બાળવાની ગંભીર ચેતવણી આત્માર્થીઓને આપી રહી છે, જેના કણકણ આપણા સ્મૃતિપટમાં પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન કરાવે છે એવા આત્મસાધના માટેના અજોડ સ્થાન–સુવર્ણપુરીમાં, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનો ૯૫ મો જન્મજયંતી-મહોત્સવ પ્રશમમૂર્તિ ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની મંગલ છત્રછાયામાં તા. ૨૮–૪–૮૪ થી તા. ૨–૫–૮૪ સુધી અત્યંત આનંદોલ્લાસપૂર્વક અનેકવિધ ધાર્મિક વિશેષ કાર્યક્રમો દ્વારા ઉજવવામાં આવશે.

* જેના કણકણમાં વહાલા ધર્મપિતાની સ્મૃતિ ગૂંજ્યા કરે છે એવી મંગલ તપોભૂમિ સોનગઢમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો ૯૫ મો જન્મજયંતી મહોત્સવ ઉજવવા આવનારા દેશભરના મુમુક્ષુઓને સ્વામીવાત્સલ્યભોજન આપવાનો લાભ લેવા માટે મોમ્બાસા આફ્રિકા નિવાસી શ્રી ભગવાનજીભાઈ કચરાભાઈ શાહ અને તેમના પરિવાર તરફથી રૂા. ૧૦,૦૦૦/– જાહેર કરવામાં આવ્યા છે. પાંચ દિવસના આ માંગલિક મહોત્સવમાં ભાગ લઈને પોતાની ગુરુભક્તિ વ્યક્ત કરીને આત્મભાવના વૃદ્ધિગત કરવા દેશભરમાંથી અત્રે આવનાર મુમુક્ષુ મહેમાનોને સ્વામીવાત્સલ્ય–ભોજન આપવા માટે શરૂઆતના ચાર દિવસ દરમિયાન પ્રત્યેક ટંકના રૂા. ૨૦૦૦/– રાખવામાં આવેલ છે. લાભ લેવા ઇચ્છતા દાતાઓએ અગાઉથી સંસ્થાને જાણ કરવી.

* ૯૫ મી જન્મજયંતી મહોત્સવના ઉપલક્ષમાં વિદ્યાર્થીઓ માટે શિક્ષણ-શિબિર તા. ૨૮–૪–૮૪ થી તા. ૧૨–૫–૮૪ સુધી પંદર દિવસ રાખવામાં આવશે. આ શિક્ષણ શિબિરનો લાભ લેનાર વિદ્યાર્થીઓને સ્વામીવાત્સલ્ય ભોજન આપવા માટે એક ટંકના રૂા. ૧૦૦૦/– નક્કી કરવામાં આવ્યા છે.

* પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની '૫૨' મી સમ્યક્જયંતી તા. ૨૨–૩–૮૪ થી તા. ૨૬–૩–૮૪ સુધી શ્રી ચોસઠઋદ્ધિમંડલવિધિપૂજા આદિ અનેકવિધ ધાર્મિક કાર્યક્રમપૂર્વક અત્યંત હર્ષોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે.

* પ્રશમમૂર્તિ ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનને હીરાથી વધાવવાનો લાભ મળવાની ખુશાલીમાં

રૂા. ૫૨૦૦ શ્રી વિઠ્ઠલદાસ કરશનજી પારેખ, પૂના હસ્તે શ્રી નાનાલાલભાઈ તથા મંગળાબેન
રૂા. ૫૨૦૦ શ્રી કાંતાબેન મહાસુખલાલ અજમેરા, નાગપુર
રૂા. ૫૦૦૪ શ્રી કમલાબેન ગીરધરલાલ દોઢીવાળા, જોરાવરનગર

—તરફથી સંસ્થાના વિવિધદાન ખાતાઓ માટે જાહેર કરવામાં આવ્યા છે.

* પ્રશમમૂર્તિ ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનું શારીરિક સ્વાસ્થ્ય ઠીક છે. મહા સુદ–૨ (–જિનમંદિરની માસિક તિથિ) તથા મહા વદ–૧ ના રોજ તેઓશ્રી જિનમંદિરમાં દર્શન–પૂજન–ભક્તિ માટે પધારતાં મુમુક્ષુઓમાં હર્ષોલ્લાસ છવાઈ ગયો હતો. આત્મોદ્ધારક ધર્મપિતા કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની પવિત્ર તપોભૂમિના દર્શને આવતા યાત્રિકો અને મહેમાન–મુમુક્ષુઓને તપોભૂમિના કણકણમાંથી ધર્મપ્રેરણા મળવા ઉપરાંત પૂજ્ય બહેનશ્રીના દર્શનનો તેમ જ તેઓશ્રીની ગુરુભક્તિયુક્ત સ્વાનુભૂતિ ગર્ભિત અધ્યાત્મવાણીનો લાભ મળતો રહે છે. * * *

## વૈરાગ્ય સમાચાર :—

* મુંબઈ નિવાસી શ્રી કાંતિભાઈ મોટાણીના માતુશ્રી કમળાબેન (વર્ષ–૭૩) તા. ૨૯–૧–૮૪ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ સોનગઢમાં રહીને પૂજ્ય ગુરુદેવશ્રીનો ઘણો જ લાભ લીધો હતો.

* મદ્રાસનિવાસી શ્રી હંસરાજ પરસોત્તમદાસ શાહ (વર્ષ–૫૯) તા. ૨૪–૧૧–૮૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* જેતપુરનિવાસી પ્રભાબેન છોટાલાલ કામદાર (વર્ષ–૮૪) તા. ૪–૨–૮૪ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.


* રાજકોટનિવાસી શ્રી કનુભાઈ દલપતભાઈ મહેતા (વર્ષ–૫૮) સ્વર્ગવાસ પામ્યા છે.

* અમદાવાદનિવાસી રતનબેન કંકુચંદ શાહ (વર્ષ–૮૦) તા. ૭–૨–૭૪ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* રાજકોટનિવાસી લીલાવંતીબેન જગજીવનભાઈ તુરખીયા (વર્ષ–૭૮) તા. ૧૨–૨–૪૮૪ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* નાગનેશનિવાસી (હાલ કાંદીવલી) શ્રી ગુલાબચંદ માણેકચંદ ઝોબાળિયા (વર્ષ–૮૬) તા. ૨–૨–૮૪ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ સંપ્રદાયના વખતથી જ પૂજ્ય ગુરુદેવના સમાગમમાં હતા. તેઓએ પાછલી જિંદગીમાં સોનગઢમાં મકાન લઈને લાભ લીધો હતો. પૂજ્ય ગુરુદેવને પ્રવચનમાં હોંકારો દેવાનું સૌભાગ્ય પણ તેમને પ્રાપ્ત થયું હતું.

—સદ્‌ગત સર્વે આત્માઓ વીતરાગ ધર્મનું શરણ પામીને આત્મોન્નતિ પામો.



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

* મિથ્યાદષ્ટિ જીવ તલવાર, વિજળી, ભયંકર દાવાનળ તથા કાળા સર્પ સમાન છે. તે દુર્ગતિમાર્ગને જ ભલો સમજે છે. હે સાધુ! તેને સ્થાન-નિવાસ આપીશ નહિ. મિથ્યાદષ્ટિ જીવ તલવાર વિગેરેની જેમ આત્માનો નાશ કરે છે. (શ્રી કુંદકુંદ આચાર્ય, મૂલાચાર-પંચાચાર અધિકાર, ગાથા-૨૫૦)

* ધ્યાન કરવાનું જેનું મન છે એવા સાધુને માટે સમસ્ત લોક ધ્યાનના આલંબનથી ભરેલ છે. વીતરાગી થઈને જે જે વસ્તુને દેખે છે તે તે વસ્તુ ધ્યાનનું આલંબન છે. સમસ્ત વિષય કષાયનો નિગ્રહ કરીને પરમ સામ્યભાવ પ્રાપ્ત કરવા માટે ધ્યાન કરવામાં આવે છે. વીતરાગી મુનિને સમસ્ત પદાર્થમાં સામ્યભાવ પ્રગટ થાય છે, તેથી વીતરાગી મુનિને બધા જ પદાર્થો ધ્યાનનો વિષય છે. (શ્રી શિવકોટી આચાર્ય, ભગવતી આરાધના, ગાથા-૧૮૭૪)

* જેની બન્ને બાજુ અગ્નિ સળગી રહી છે એવી એરંડની લાકડીની વચ્ચે ભરાયેલો કીડો જેમ અતિશય ખેદખિન્ન થાય છે તેમ આ શરીરરૂપ એરંડની લાકડીમાં ફસાયેલો જીવ જન્મ-મરણ આદિ દુઃખોથી નિરંતર ખેદખિન્ન થાય છે. એરંડની લાકડીમાં ફસાયેલો કીડો ભાગી-ભાગીને ક્યાં જાય? કારણ કે બન્ને તરફ અગ્નિ સળગી રહી છે. હે ભાઈ! આ શરીરની પણ એ જ દશા જાણીને તેનાથી તું મમત્વ છોડ કે જેથી એ એરંડની લાકડીના કરતાં પણ અનંત દુઃખના કારણભૂત એવું શરીર જ ધારણ કરવું ન પડે. શરીર ઉપરનો અનુરાગ જ નવાં નવાં શરીર ધારણનું કારણ છે એમ જાણી પૂર્વ મહાપુરુષોએ એ શરીરથી સર્વથા સ્નેહ છોડ્યો હતો.

(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, ગાથા-૬૩)

—o—

## * પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર *

* પાંચ પાંચ વરસ પ્લાસ્ટરના પાટા બાંધીને પડયા હોય અને વેદના સહન ન થાય, એમાં ... ડૉકટર કહે ત્યાં હા...ય હા...ય થાય! અરે! થાવું હોય એ થાય, એકવાર તો થાવા દે. મુંઝવણ આવે તો આવવા દે, શરીરમાં થાવું હોય તે થાય પણ એકવાર અંદરમાં જા......

* છાણાનો પોદળો સરખો મોટો મળી જાય તો છાણા વીણવાવાળી ખુશી ખુશી થઈ જાય, પણ છાણ એટલે તો ઢોરની વિષ્ટા છે, એનાથી રાજી થાય છે! એમ આ બધા પૈસાવાળા લાખ મળ્યા ને પાંચ લાખ મળ્યા ને મકાન મળ્યા..... એ પણ બધા છાણના પોદળાથી રાજી થનારા છે! પશુની વિષ્ટાથી રાજી થાય છે! મૂઢ થઈ ગયા છે, પાગલ થઈ ગયા છે.

* ચિત્તને (આત્મા સિવાય) કયાંક ને કયાંક રોકી રાખીને જે સમાધાન કરે છે કે કાંઈ વાંધો નહિ, આપણે કાંઈક ઠીક કરીએ છીએ—એમ માનનારે પોતાના આત્માને ઠગી લીધો છે.

* અહો! દેહથી ભાગીને, છૂટીને, બહાર નીકળવાનો આ કાળ....તેમાં એને ચોંટીને પડયો છે!

* સર્વજ્ઞ-સર્વદર્શી ઈ શબ્દ જ્યાં સામે આવે છે ને, ત્યાં આહાહા! આખી વસ્તુ સર્વજ્ઞ ને સર્વદર્શી છે ઈ આખી તરવરે છે.

* અરે! એની દયા નથી! તને તારી દયા નથી. દયા હોય તો વિચાર કર કે અરે! અનાદિથી રખડતો આ આત્મા કેમ સુખી થાય?

Licence No. 3
'Licensed to post
without prepayment'

356 A Kantaben M. Ajmera
Modi No 2
Sita Burdy
NAGPUR 44001?

If not delivered please return to,
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ (કાનજીસ્વામીનું) PIN : 364 250

સંપાદક : નાગરદાસ બી. મોદી, સોનગઢ તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
મુદ્રક : અજિત મુદ્રણાલય, સોનગઢ (કાનજીસ્વામીનું) PIN : 364 250
પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (કાનજીસ્વામીનું) 364 250